dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર... અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue-14 | AD - 2024, Aaso Sud -11 | Monday, Dt.14-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00





## ભારત લેબનોનમાં સંયુક્ત રાષ્ટ્રના વચગાળાના સૈન્ય દળમાં યોગદાન આપનારા દેશોમાં જોડાયું

# સંયુક્ત રાષ્ટ્રમાં ઈઝરાયેલ સામે ભારતે લેબનોનમાં સૈનિકો મોકલ્યા

**ઇઝરાયેલમાં ભારતીય દુતે ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીનો બચાવ કર્યો**

(એ.આર.એલ),ન્યુયોર્ક,તા.૧૩

ઈઝરાયેલ-લેબનોન સરહદે બગડતી સુરક્ષા પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કર્યાના એક દિવસ બાદ ભારત શનિવારે લેબનોનમાં સંયુક્ત રાષ્ટ્રના વચગાળાના દળમાં સૈન્યનું યોગદાન આપનારા દેશોમાં જોડાયું છે. ન્યૂયોર્કમાં યુએનમાં ભારતના સ્થાયી મિશને ટ્વિટર પર એક પોસ્ટમાં કહ્યું: 'ભારત, એક મુખ્ય સૈનિક યોગદાન આપનાર દેશ તરીકે, યુએનઆઈએફઆઈએલ સૈન્ય ફાળો આપનાર ૩૪ દેશો દ્વારા જારી કરાયેલ સંયુક્ત નિવેદન સાથે સંપૂર્ણ રીતે ઊભો છે. શાંતિ રક્ષકોની સુરક્ષા સર્વોપરી છે અને આ હાલના યુએનએસસી ઠરાવો અનુસાર સુનિશ્ચિત થવું જોઈએ.''

ઈઝરાયેલી સૈન્યએ જણાવ્યું હતું કે શુક્રવારે દક્ષિણ લેબેનોનના નાકૌરામાં તેમના વૉચટાવર નજીક ઈઝરાયેલી હુમલામાં બે શ્રીલંકાના યુએન પીસકીપર્સ ઘાયલ થયા હતા. આ પ્રદેશમાં શાંતિ રક્ષકોના મુખ્ય બેઝ પર ૪૮ કલાકમાં બીજી વખત વિસ્ફોટ થયો છે. યુએનઆઈએફઆઈએલ ફોર્સે



તેને ગંભીર પ્રયાસ ગણાવ્યો હતો અને કહ્યું હતું કે યુએન કર્મચારીઓ અને સંપત્તિઓની સલામતીની ખાતરી આપવી જોઈએ. આ દળમાં ડઝનબંધ દેશોના ૧૦,૦૦૦ થી વધુ શાંતિ રક્ષકોનો સમાવેશ થાય છે. આમાં ભારતીય સૈનિકોની સંખ્યા બીજા નંબરે છે. આમાં ભારતના લગભગ ૯૦૦ સૈનિકો સામેલ છે. નિવેદન યુએન દળોને નિશાન બનાવતી ઈઝરાયેલની કાર્યવાહી પર ભારતની અસ્વસ્થતાને પણ દર્શાવે છે. તમને જણાવી દઈએ કે, ભારતે છેલ્લા એક વર્ષમાં હમાસ અને હિઝબુલ્લા વિરુદ્ધ ઈઝરાયેલની કાર્યવાહી પર સંતુલિત વલણ અપનાવ્યું હતું. પરંતુ હવે ભારતે ઈઝરાયલ સામે મોરચો માંડ્યો છે. ભારતે શુક્રવારે દક્ષિણ લેબનોનમાં યુએન પીસકીપર્સ લડાઈમાં ફસાયા હોવાના અહેવાલો અને બગડતી સુરક્ષા સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયે કહ્યું, "અમે બ્લુ લાઈન પર બગડતી સુરક્ષા સ્થિતિને લઈને ચિંતિત છીએ. અમે સ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ." ૧૨૦-કિલોમીટરની બ્લુ લાઈન એ યુએન દ્વારા માન્યતા પ્રાપ્ત સીમાંકન રેખા છે જે દક્ષિણ લેબનોનમાંથી ઈઝરાયેલી દળોની ઉપાડને ચિહ્નિત કરે છે. તે લેબનોનને ઈઝરાયેલ અને ગોલાન હાઈટ્સથી અલગ કરે છે, પરંતુ તે સત્તાવાર આંતરરાષ્ટ્રીય સરહદ નથી. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, ''યુએન પરિસરની અખંડિતતાનું બધાએ સન્માન કરવું જોઈએ અને યુએન શાંતિ રક્ષકોની સુરક્ષા અને તેમના આદેશની પવિત્રતા સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવા જોઈએ.'' જો કે ઈઝરાયલમાં ભારતીય દુતે ઈઝરાયલની સૈન્ય કાર્યવાહીનો બચાવ કર્યો હતો.









## સેનાની ટ્રેનના રેલવે ટ્રેક પર ગેસ સિલિન્ડર મળી આવતા ખળભળાટ

(એ.આર.એલ),રૂરકી,તા.૧૩

આ દિવસોમાં દેશમાં રેલ્વે ટ્રેક પર બેરિકેડ અથવા ગેસ સિલિન્ડર લગાવીને ટ્રેનો ઉથલાવી દેવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે. હવે ઉત્તરાખંડના રૂરકીમાં રેલવે ટ્રેક પર ગેસ સિલિન્ડર મળી આવ્યો છે. મળતી માહિતી મુજબ માલસામાન ટ્રેનને પલટી નાખવાના કાવતરાના ભાગરૂપે રેલ્વે ટ્રેક પર ગેસ સિલિન્ડર રાખવામાં આવ્યા હતા. જે ટ્રેક પર ગેસ સિલિન્ડર મળ્યો હતો તેનો ઉપયોગ લશ્કરી સાધનો વહન કરતી માલસામાન ટ્રેનની અવરજવર માટે થવાનો હતો. લોકો પાયલોટની સતર્કતાને કારણે મોટી દુર્ઘટના ટળી હતી. મળતી માહિતી મુજબ, રૂરકીના ધાનેરા રેલવે સ્ટેશન પાસે રેલવે ટ્રેક પર એલપીજી સિલિન્ડર મળી આવ્યું હતું.













સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૪-૧૦-૨૦૨૪

# સાવરકુંડલા તાલુકાના લીખાળા અને વીજપડીમાં પીજીવીસીએલના ધાંધિયા

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે પીજીવીસીએલની કામગીરી ઉપર સવાલ ઉઠ્યા છે. આ અંગે વારંવાર રજૂઆત કરવા છતાં ખેડૂતના ખેતરમાંથી પસાર થતી લાઈનના વાયરોને ઊંચા લેવાની કામગીરી કરવામાં આવતી નથી. આ લાઈન એટલી નીચી છે કે, કોઈ માણસ તેને અડી જાય તો



કરંટ લાગવાનો ભય રહે છે. જ્યારે લીખાળા ગામના ખેડૂત ખાતેદાર દ્વારા પણ રજૂઆત કરવામાં આવેલ છે અને સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત પણ રજૂઆત કરવામાં આવેલ હતી છતાં અધિકારીઓ દ્વારા આ બાબત ધ્યાને લેવામાં આવતી નથી. કોઈ દુર્ઘટના બને તો તેના જવાબદાર કોણ? તેવા વેધક સવાલો ઉઠી રહ્યા છે. આ વાયર કોઈનો ભોગ લે એ પહેલા તેને હટાવવામાં આવે અથવા અન્ય કોઈ પણ વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકોની માગણી છે. આ ખેતરમાં વાયરો સાડા પાંચ થી છ ફૂટ જેટલા નીચા હોવાથી ખેડૂતો ખેતી કામ કરી શકતા નથી.

# અમરેલીમાં આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દશેરાનાં દિવસે શસ્ત્રપૂજન

અમરેલી, તા.૧૩

અમરેલી શહેરમાં આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ મહિલા પરિષદ સહિતની સંસ્થાઓ દ્વારા શહેરમાં કન્યાપૂજન, શસ્ત્રપૂજન અને મહાપ્રસાદનાં આયોજનો કરવામાં આવ્યા હતા. સિધ્ધનાથ મહાદેવનાં સાનિધ્યમાં ૫૦ જેટલી બાળાઓનું પૂજન કરાયું હતું અને તેમને પુરસ્કારથી સન્માનિત કરાઈ હતી. કેરીયા રોડ પર આવેલા શિવ રેસિડેન્સીમાં મિલનભાઈ સોનીનાં ઘેર શસ્ત્રપૂજનનો



કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સૌરાષ્ટ્ર પ્રાંતનાં અધ્યક્ષ જી.જે. ગજેરા, ઉદયસિંહ રાજપુત, નિર્મળસિંહ ખુમાણ, મનસુખભાઈ રૈયાણી, સુરેશભાઈ સોલંકી, મજબૂતસિંહ બસીયા, ડો. દેસાણી, રણજીતભાઈ ડાભી, વિપુલભાઈ ગજેરા, નિલેશભાઈ સોલંકી, જીજ્ઞેશભાઈ કયાડા, નિલેશભાઈ ડાયાણી, દડુભાઈ ખાચર, સંજયભાઈ પોપટ સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.

# બાબરાના ચમારડી ખાતે ઉજવાનાર સરદાર જયંતીનું નિરંજનાબેનને આમંત્રણ પાઠવાયું

અમરેલી, તા.૧૩

બાબરા તાલુકાનાં ચમારડી ગામે આગામી તા.૩૧ ઓકટોબરનાં રોજ લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતીની ભવ્ય ઉજવણીનું આયોજન કરાયું છે. સાથે જ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને મહાનુભાવોની મૂર્તિનું અનાવરણ પણ કરવામાં આવનાર છે. જેમાં ઉપસ્થિત રહેવા માટે કાર્યક્રમનાં આયોજક ગોપાલભાઈ વસ્તારપારા દ્વારા બારડોલી સ્થિત સ્વરાજ આશ્રમનાં



નિરંજનાબેન કે જેઓ બાળપણની ઉંમરે સરદાર સાહેબ સાથે રહ્યા હતા. તેમને રૂબરૂ મળી કાર્યક્રમમાં આવવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# સાવરકુંડલામાં જિયો નેટવર્ક ઠપ્પ થતા ગ્રાહકો પરેશાન

સાવરકુંડલા,તા.૧૩

સાવરકુંડલા શહેરમાં છેલ્લા ચાર દિવસથી જિયો મોબાઈલ નેટવર્ક ખોરવાઈ જવાને કારણે હજારો ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા છે. આ સમસ્યાનું મૂળ કારણ રિલાયન્સ જિયો કંપની દ્વારા નગરપાલિકાને ચૂકવવાના બાકી નીકળતા ભાડાના નાણાં છે.

શહેરમાં આવેલા આઠ જેટલા મોબાઈલ ટાવરો સીલ કરવામાં આવ્યા હતા.



તસ્વીર : સૌરભ દોશી

મોટાભાગની કંપનીઓએ તેમની બાકી રકમ ચૂકવી દીધી છે, પરંતુ રિલાયન્સ જિયો કંપની હજુ પણ આનાકાની કરી રહી છે. ખાસ કરીને, કાપેલ ધાર અને આંબલી શેરીમાં આવેલા બે ટાવરો માટે કંપની પાસેથી લગભગ ૧૦ લાખ રૂપિયા વસૂલવાના બાકી છે. આ પરિસ્થિતિને કારણે સાવરકુંડલામાં રહેતા આશરે ૧૫,૦૦૦ જિયો ગ્રાહકો છેલ્લા ચાર દિવસથી નેટવર્કની સમસ્યાનો સામનો કરી રહ્યા છે. દિવાળીનો તહેવાર નજીક આવી રહ્યો હોવાથી, આ સમસ્યા વધુ ગંભીર બની છે કારણ કે મોટાભાગના વ્યાવસાયિક અને વ્યક્તિગત વ્યવહારો મોબાઈલ નેટવર્ક પર નિર્ભર છે.

**નગરપાલિકાએ ભાડાની બાકી રકમ માટે ટાવરો સીલ કર્યા**

નગરપાલિકાએ જણાવ્યું કે તેમણે કંપનીનો સંપર્ક કર્યો છે, અને કંપનીએ દિવાળી બાદ રકમ ચૂકવવાનું આશ્વાસન આપ્યું છે. પરિણામે, ઘણા જિયો ગ્રાહકો હવે અન્ય નેટવર્ક પ્રદાતાઓ તરફ વળવાનું વિચારી રહ્યા છે. આ પરિસ્થિતિ જિયો કંપની માટે ગ્રાહક આધાર ગુમાવવાનું જોખમ ઊભું કરે છે.

# રાજુલામાં આપ દ્વારા નગરપાલિકા ચૂંટણી અંગે સમીક્ષા બેઠક યોજાઈ



તસ્વીર : ગોપાલ રાઠોડ

**આગામી ચૂંટણીમાં આપની રણનીતિ અને મજબૂત ઉમેદવારો પર ચર્ચા**

રાજુલા,તા.૧૩

રાજુલા શહેરમાં આમ આદમી પાર્ટી (આપ) દ્વારા એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ આગામી નગરપાલિકાની ચૂંટણીઓમાં પાર્ટીની રણનીતિ અને અભિગમની ચર્ચા કરવાનો હતો. બેઠકમાં રાજુલા શહેરના અનેક અગ્રણી વ્યક્તિઓ અને આપના વરિષ્ઠ નેતાઓએ હાજરી આપી હતી. આ નેતાઓમાં ડૉ. હિતેશભાઈ વઘાસિયા (પ્રદેશ સંગઠન મંત્રી), નિકુંજભાઈ સાવલિયા (અમરેલી જિલ્લા પ્રમુખ), શૈલેષભાઈ ભાદાણી (અમરેલી જિલ્લા મહામંત્રી), ભરતભાઈ બલદાણીયા (રાજુલા નગરપાલિકા ઈન્ચાર્જ), કિશોરભાઈ ધાખડા (આપ નેતા) અને ઓધવજીભાઈ રાદડિયા (આપ નેતા) સહિતના સામેલ થયા હતા.

બેઠકમાં મુખ્યત્વે રાજુલા નગરપાલિકાની ચૂંટણીમાં આપની ભાગીદારી, કઈ બેઠકો પર ધ્યાન કેન્દ્રિત કરવું, મજબૂત ઉમેદવારોની પસંદગી અને ચૂંટણી પ્રચાર અભિયાનની રૂપરેખા વિશે ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા છે કે આ વખતની નગરપાલિકાની ચૂંટણીમાં મહાજંગ થશે.

# વડિયામાં ખોડિયાર ગરબી મંડળ દ્વારા દશેરાનાં દિવસે હવન યોજાયો

વડિયા, તા.૧૩

વડિયામાં ૧૦થી વધુ શેરી ગરબીઓ દ્વારા માતાજીની ઉપાસના કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશનની બાજુમાં જ આવેલા ખોડિયાર ગરબી મંડળ દ્વારા આયોજીત નવરાત્રી આકર્ષણનું કેન્દ્ર બની હતી.

આ ગરબીમાં બાળાઓ ભક્તિભાવથી માતાજીની આરાધના કરતી જોવા મળી હતી. જેમાં પરંપરાગત




ગરબા રમી બાળાઓ દ્વારા માતાજીની આરાધના કરવામાં આવી હતી. સાથે જ દશેરાનાં દિવસે ખોડિયાર ગરબી મંડળ દ્વારા યજ્ઞનું આયોજન કરાયું હતું.

# સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે PGVCLના ખુલ્લા ફ્યુઝથી જોખમ

સાવરકુંડલા, તા.૧૩

સાવરકુંડલાના વીજપડી ગામમાં **PGVCL** (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ) ના ખુલ્લા ફ્યુઝથી સ્થાનિકોની સુરક્ષા જોખમમાં મુકાઈ છે. આ વિસ્તારમાં ગાયત્રી વિદ્યાલય આવેલ હોવાથી અહીંથી નિયમિતપણે માનવ અને નાના બાળકોની અવરજવર રહે છે, જેથી ચિંતાનો વિષય બન્યો છે. સ્થાનિક રહીશોના



જણાવ્યા અનુસાર, આ સમસ્યા છેલ્લા ઘણા સમયથી છે, પરંતુ તેનું નિરાકરણ આવ્યું નથી. **PGVCL** દ્વારા સ્ટોરમાં પેટીઓની અછત જેવા બહાના આપવામાં આવે છે, પરંતુ વૈકલ્પિક સુવિધાઓનો પણ ઉપયોગ કરવામાં આવતો નથી. આ પરિસ્થિતિ સ્થાનિકોમાં ભયનો માહોલ ઊભો કરી રહી છે. લોકો ચિંતિત છે કે શું કોઈ મોટી જાનહાનિ ન થાય ત્યાં સુધી આ સમસ્યા પ્રત્યે ધ્યાન આપવામાં નહીં આવે?

# ધારીના નવદુર્ગા ગરબી મંડળે દશેરા પર્વે દીકરીઓનું વિશેષ સન્માન કર્યું

ધારી, તા.૧૩

ધારી શહેરની ગણેશ સોસાયટીમાં સ્થિત નવદુર્ગા ગરબી મંડળે દશેરા પર્વ નિમિત્તે એક અનોખો કાર્યક્રમ યોજ્યો હતો, જેમાં દીકરીઓને આશીર્વાદ સાથે વિશેષ ભેટ સોગાદો અર્પણ કરવામાં આવી હતી. મંડળના અધ્યક્ષ ધનસુખભાઈ મકવાણાના નેતૃત્વ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના





આગેવાન ભૂપતભાઈ વાળાએ ખાસ હાજરી આપી હતી. કાર્યક્રમનું સૌથી આકર્ષક પાસું એ હતું કે કુંદન માસી, રેખા માસી અને વિજયા માસી તરફથી દરેક દીકરીને સોનાના દાણા આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત, પ્રોફેસર હર્ષાબેન દેસાઈ અને શાંતિલાલ પરમાર તરફથી પણ તમામ દીકરીઓને ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે અનેક અગ્રણીઓએ હાજરી આપી હતી, જેમાં ભૂપતભાઈ વાળા, ચિંતન રંગપરિયા, શાંતિલાલ પરમાર, ઈલ્લુભાઈ બ્લોચ, રવિ હિરાણી, સંજયભાઈ વાળા, પ્રોફેસર હર્ષાબેન દેસાઈ, સી.પી. ગોંડલિયા, અજય વનરા, અને કાંતિભાઈ વનરા સહિતના મહાનુભાવો સામેલ હતા.

# સાવરકુંડલા શહેરમાં મહાષ્ટમી પર્વ પર દીકરીઓનું ગૌરીપૂજન કરવામાં આવ્યું

સાવરકુંડલા તા. ૧૩



આસો નવરાત્રીમાં આઠમ પર ગૌરીપૂજનનું ખૂબ મહત્વ છે. સાવરકુંડલામાં સમસ્ત બ્રહ્મક્ષત્રીય સમાજ આયોજિત નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ અંતર્ગત અષ્ટમી એટલે મહાષ્ટમીના પાવન પર્વ પર હરજીવનદાસ સવજીભાઈ છાંટબાર (રામભરોસે દોરડાવાળા) તરફથી દરેક દીકરીઓનું ગૌરીપૂજન કરવામાં આવ્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોન: ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# સૌની યોજના હેઠળ લાઠી તાલુકાના આઠ ગામોનો સમાવેશ કરાયો

લાઠી,તા.૧૩



લાઠી-બાબરા વિધાનસભાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી અમરેલી જિલ્લાના લાઠી તાલુકાને સૌની યોજનામાં સમાવવામાં આવ્યો છે. તા. ૨૨ના રોજ તળાવીયાએ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીને સંબોધીને કરેલી રજૂઆતના પરિણામે આ નિર્ણય લેવાયો છે. સૌની યોજના લિંક-૨ અંતર્ગત ભાવનગર, અમરેલી અને બોટાદ જિલ્લાના વિવિધ તાલુકાઓના તળાવો અને ચેકડેમોને જોડવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ યોજના હેઠળ લાઠી તાલુકાના કુલ ૮ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાલવાવ, ધામેલ, ધામેલપરા, હજીરાધાર, દામનગર, રાભડા, ઠાંસા અને ભટ્ટવદર. વિશેષ ઉલ્લેખનીય છે કે, દામનગર ખાતે આવેલા કુંભનાથ મહાદેવ તળાવ માટે ૨.૨૫ કિલોમીટરની અલગ બ્રાન્ચ પાઈપલાઈન મંજૂર કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત લાઠી તાલુકાના ધામેલ તળાવથી દામનગર સુધી ૬.૫ કિલોમીટરની પાઈપલાઈન બિછાવવામાં આવશે.

# બગસરામાં રાજપૂત સમાજ અને આરએસએસ દ્વારા શસ્ત્રપૂજન

બગસરા,તા.૧૩



તસ્વીર :હાર્દિક બામટા

બગસરા શહેરમાં આજે દશેરા પર્વની ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી, જેમાં રાજપૂત સમાજ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા પરંપરાગત શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજપૂત સમાજે નૂતન સ્વામિનારાયણ મંદિર ખાતે, જ્યારે આરએસએસએ જનતા વિદ્યાલય ખાતે શસ્ત્રપૂજનનો કાર્યક્રમ યોજ્યો હતો. બંને કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં સમાજના ભાઈઓ અને બહેનોએ ભાગ લીધો હતો. વૈદિક મંત્રોચ્ચાર સાથે પરંપરાગત રીતે શસ્ત્રોનું પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજપૂત સમાજના પ્રમુખ મંગલસિંહ રાઠોડ, સમાજના ટ્રસ્ટીઓ, આરએસએસના સ્વયંસેવકો તેમજ સમાજના અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના ભાગરૂપે, આરએસએસ દ્વારા પથસંચલનની રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી અને જનતા વિદ્યાલય ખાતે સમાપન થયું હતું.

## ચિત્તલમાં સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ રાકોળીયા દવે પરિવાર દ્વારા ત્રિવિધ કાર્યક્રમો યોજાશે

અમરેલી,તા.૧૩

અમરેલીના ચિત્તલ મુકામે સૌરાષ્ટ્ર બાજ ખેડાવાળ બ્રાહ્મણ રાકોળીયા દવે પરિવાર દ્વારા ૯-૧૦ નવેમ્બરના રોજ ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

જેમાં શ્રી પિલવાઈ ધામના પટાંગણમાં ૨૨મો ત્રિકુંડી શ્રીયજ્ઞ, સ્નેહમિલન, તેજસ્વી તારલાઓને પારિતોષિક એનાયત, પૂર્વ સંધ્યાએ મહાઆરતી અને પ્રાચીન રાસ-ગરબા યોજાશે. સૌરાષ્ટ્રમાં વસતા રાકોળીયા દવે પરિવારે બે દિવસના કાર્યક્રમમાં સહકુટુંબ પધારવા આહવાન કર્યું છે.

શનિવાર ૯ નવેમ્બરે જાણીતા કલાકાર કૌશિકભાઈ દવે, પંકજભાઈ દવે અને સાથીદારો દ્વારા રાસ-ગરબા તેમજ ભજન રજૂ કરવામાં આવશે.

## ધારીની સરકારી હોસ્પિટલમાં આયુષ્યમાન મેળો યોજાયો



ધારી, તા.૧૩

ધારીના સામૂહિક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજના સહયોગથી આજે આયુષ્યમાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ ૧૮૯થી કરતાં પણ વધારે લોકોએ લીધો હતો. જેમાં શાંતાબા મેડિકલ કોલેજના ડોક્ટરો દ્વારા વિશેષ સેવાઓ આપવામાં આવી હતી.

## સાવરકુંડલામાં જોગીદાસ ખુમાણની પ્રતિમાનો ભવ્ય અનાવરણ સમારોહ યોજાશે

સાવરકુંડલા, તા.૧૩

આગામી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સાવરકુંડલા ખાતે જોગીદાસબાપુ ખુમાણની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવશે. આ પ્રસંગે પૂજ્ય મોરારીબાપુ ખાસ ઉપસ્થિત રહેશે. સવારે ૯:૦૦ કલાકે નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં રાજકીય, સામાજીક મહાનુભાવો સહિત અનેક સંતો મહંતો હાજરી આપશે. આ કાર્યક્રમમાં પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવીનું વિશિષ્ટ સન્માન કરવામાં આવશે. આ કાર્યક્રમના આયોજક તરીકે જોગીદાસબાપુ ખુમાણ પ્રતિમા અનાવરણ સમિતિ કાર્યરત છે. સમિતિના ભક્તિરામબાપુ, કનુબાપુ ખુમાણ, દેવચંદભાઈ કપોપરા અને ડૉ. દિપકભાઈ શેઠ સેવા આપી રહ્યા છે.

## અમરેલી સુળીયા ટીંબાના બસ સ્ટેન્ડમાંથી લાશ મળી

અમરેલી, તા.૧૩

અમરેલી સુળીયા ટીંબાના બસ સ્ટેન્ડમાંથી ગારીયાધારના નાની વાવડીમાં રહેતા પુરુષની લાશ મળી હતી. બનાવ અંગે અમરેલીમાં રહેતા અને વેપાર કરતાં અશ્વિનભાઈ લવજીભાઈ ગજેરા (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, ગારીયાધારના નાની વાવડી ગામે રહેતા વિનુભાઈ પરસોત્તમભાઈ ચૌહાણ (ઉ.વ.૪૮)ની લાશ બિનવાસી હાલતમાં મળી આવી હતી.

## બગસરામાં દંપતીને જાહેરમાં ગાળો બોલી જાનથી મારવાની ધમકી

બગસરા, તા.૧૩

બગસરામાં રહેતા એક દંપતીને જાહેરમાં અપશબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કિરણબેન નિલેશભાઈ ચુડાસમા (ઉ.વ.૪૦)એ રાહુલભાઈ ચુડાસમા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી તેમને તથા તેના પતિને જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપીને બિભત્સ શબ્દો બોલ્યા હતા.

# રાજુલામાં આયુષ્માન આરોગ્ય શિબિરમાં ૧૨૦૦થી વધુ લાભાર્થીઓએ લાભ લીધો

રાજુલા,તા.૧૩



રાજુલા તાલુકામાં આયુષ્માન ભારત અભિયાન અંતર્ગત વ્યાપક આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા હેલ્થ કચેરી રાજુલા હેઠળના ૨૨ આરોગ્ય કેન્દ્રો ખાતે યોજાયેલી આ શિબિરમાં ૧૨૪૦થી વધુ લાભાર્થીઓએ વિવિધ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. રશ્મિકાંત જોષીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ શિબિરમાં નીચેની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. જેમાં બિનચેપી રોગોનું સ્ક્રીનિંગ અને સારવાર, માતા અને બાળ આરોગ્ય સેવાઓ, હેલ્થ આઈ. ડી. કાર્ડ અને આયુષ્માન કાર્ડ વિતરણ, ટીબીનું સ્ક્રીનિંગ અને સારવાર, આયુષ સેવાઓ, યોગા અને મેડિટેશન માર્ગદર્શન, પોષણ અંગે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, લોકોને વિવિધ આરોગ્ય યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. શિબિરને સફળ બનાવવા માટે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. એન.વી. કલસરીયા, મેડિકલ ઓફિસરો, કૉમ્યુનિટી હેલ્થ ઓફિસરો અને આરોગ્ય સ્ટાફે સક્રિય ભૂમિકા ભજવી હતી.

## અવસાન નોંધ

### રાજકોટ

સ્વ.ધવલભાઈ પ્રવીણભાઈ કાછડીયા(ઉ.વ.૩૪)નું તા. ૧૨/૧૦/૨૦૨૪ને શનિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે કાનજીભાઈ કાછડીયાના પૌત્ર, હસમુખભાઈ કાછડીયા, વિનોદભાઈ કાછડીયાના ભત્રીજા થાય છે. તેમનું બેસણું તા.૧૪/૧૦/૨૪ને સોમવારના રોજ સાંજે ૪થી ૬ વાગ્યે, પટેલ વાડી, યુનિટ-૧, વાણીયાવાડી મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

### ઢસા

ગં.સ્વ. સાધનાબેન (ઉ.વ.૬૦)નું તા.૧૨/૧૦/૨૪ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તે મનીષભાઈ એચ. દવે, પુજાબેન ચેતનકુમાર દવેના કાકી, કેતુભાઈ મનીષભાઈ દવેના બા તેમજ સ્વ.રમણીકભાઈ પંડયા, સ્વ. નરેન્દ્રભાઈ, પ્રકાશભાઈના બેન, કમલેશભાઈ ત્રિવેદી, ડો. અતુલભાઈ ત્રિવેદી, કાર્તિકભાઈ ત્રિવેદીના મામી થાય છે. પિયર પક્ષનું બેસણુ તા.૧૪/૧૦/૨૪ને સોમવાર બપોરે ૩થી ૬ શિવ શક્તિ રામજી મંદિર, ઢસા જંકશન રાખેલ છે.



















# ગજેરા સંકુલની આર્ટ્સ અને સાયંસ કોલેજની વિદ્યાર્થિનીઓ કુસ્તી સ્પર્ધામાં ચમકી



અમરેલી,તા.૧૩

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ એજ્યુકેશનલ ટ્રસ્ટ સુરત સંચાલિત કાલાવડ આર્ટ્સ & લેઉવા પટેલ M.Sc. કોલેજની ચાર તેજસ્વી વિદ્યાર્થિનીઓએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કુસ્તી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કોલેજ અને જિલ્લાનું નામ રોશન કર્યું છે. શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ અમરેલી ખાતે યોજાયેલ આ સ્પર્ધામાં કોલેજની ચૌહાણ કૃપા પરેશભાઈ - યુનિવર્સિટી ફર્સ્ટ (૭૬ કિ.ગ્રા. વજન કેટેગરી), ચૌહાણ દ્રષ્ટિ પરેશભાઈ- યુનિવર્સિટી સેકન્ડ (૫૭ કિ.ગ્રા. વજન કેટેગરી), રાધનપરા શ્રદ્ધા - યુનિવર્સિટી સેકન્ડ (૬૫ કિ.ગ્રા. વજન કેટેગરી), માધડ કિશીતા ભરતભાઈ - યુનિવર્સિટી થર્ડ (૫૦ કિ.ગ્રા. વજન કેટેગરી) વિજેતા થઈ છે. આ સફળતા માટે કોલેજના સ્ટાફ અને સંચાલક મંડળે વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા છે. કોલેજના આચાર્ય અને શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપકોએ વિદ્યાર્થિનીઓની મહેનત અને પ્રતિભાને બિરદાવી છે.

# લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયાના તળાવમાંથી યુવકનો મૃતદેહ મળ્યો



અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં આજે એક દુઃખદ ઘટના સામે આવી છે. તારીખ ૧૨/૧૦/૨૦૨૪ના રોજ સાંજે ૬:૨૦ વાગ્યે લાઠી પોલીસ કંટ્રોલ રૂમ દ્વારા અમરેલી ફાયર કંટ્રોલ રૂમને એક મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી. આ માહિતી અનુસાર, લાઠી તાલુકાના હરસુરપુર દેવળીયા ગામમાં આવેલા તળાવમાં કોઈ અજાણી વ્યક્તિ પડી ગયાની જાણ થઈ હતી. આ માહિતી મળતાં જ, અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ઓફિસર એચ.સી. ગઢવીના નેતૃત્વમાં અને વાયરલેસ ઓફિસર એચ.પી. સરતેજાના સહયોગથી રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. લગભગ ૩૦ મિનિટના અથાગ પ્રયાસો બાદ, તળાવમાંથી વ્યક્તિના મૃતદેહને બહાર કાઢવામાં સફળતા મળી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું કે મૃતક યુવકનું નામ નીતિનભાઈ રમેશભાઈ પરમાર (ઉંમર અંદાજે ૨૦ વર્ષ) છે, જે હરસુરપુરના રહેવાસી હતા. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્થાનિક પોલીસને સોંપવામાં આવ્યો છે.

# જાફરાબાદ સામાકાંઠામાંથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો

જાફરાબાદ, તા.૧૩

જાફરાબાદ તાલુકામાં જાણે કે બોગસ તબીબોનો રાફડો ફાટ્યો હોય તેમ લાગી રહ્યું છે. સામાકાંઠામાંથી વધુ એક બોગસ તબીબ ઝડપાયો હતો. જાફરાબાદ સીએચસીના ડેન્ટલ મેડિકલ ઓફિસર ડૉ.કુપેશ હસમુખલાલ પટેલ (ઉ.વ.૩૩)એ લાઈટ હાઉસ રોડ પર રહેતા દાઉદભાઈ ઈસાભાઈ કરૂડ (ઉ.વ.૫૪) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી પાસે કોઈપણ સરકાર માન્ય એલોપેથીક સારવાર કરવા માટેની ડિગ્રી ન હોવા છતાં દર્દી પાસેથી પૈસા વસૂલ કરી તેમના જીવન સાથે ચેડાં કરતો હતો. તેની પાસેથી દવાઓ તથા મેડિકલને લગતી સાધન સામગ્રી મળી કુલ ૩૨૭૬.૪૮ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર. ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં જય માતાજી ગરબી ગ્રુપ દ્વારા નવરાત્રીમાં બાળાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૧૩

રાજુલામાં જય માતાજી ગરબી ગ્રુપ દ્વારા નવરાત્રી મહોત્સવ આ વર્ષે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. માત્ર બાળા ખેલૈયાઓ જ ભાગ લેતી હતી, જેમાં સલામતીને ધ્યાનમાં લેતા મોટાભાગના વાલીઓ તેના બાળકોને અહીં રાસ રમવા મુકતા હતા. દરરોજ ૫૦૦ જેટલી બાળાઓ ગરબામાં ભાગ લેતી હતી તેમજ દરરોજ ઈનામની વણઝાર હતી. જેમાં કાયમી ઈનામો પણ આપવામાં આવતા હતા. જ્યારે છેલ્લા દિવસે દાતાઓ દ્વારા તેમજ જય માતાજી ગ્રુપ દ્વારા બાળાઓને ઢગલાબંધ ઈનામો આપવામાં આવતા બાળાઓમાં રાજીપો જોવા મળ્યો હતો. આ નવરાત્રીમાં મુખ્ય મહેમાન આઈમા શ્રી વાલબાઈ ગરણી, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી તથા એસપી હિમકર સિંહ તથા ભરતભાઈ કાનાબારે હાજરી આપી હતી.

# લીલીયાના જાત્રોડા ગામે તળાવમાંથી માટી ઉપાડવા અંગે મનદુ:ખમાં હુમલો કર્યો

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

લીલીયા, તા.૧૩

લીલીયાના જાત્રોડા ગામે તળાવ ઉંડું કરવા અને તેમાંથી માટી ઉપાડવા મુદ્દે થયેલા મનદુઃખમાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. મુકેશભાઈ છગનભાઈ દોમડીયા (ઉ.વ.૪૦)એ સંજયભાઈ બાવકાભાઈ જોગરાણા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ૧૫ દિવસ પહેલા જાત્રોડા ગામે તળાવ ઉંડું કરવા અંગેની મિટિંગમાં તેઓ હાજર હતા. આરોપીએ માટી ઉપડવા બાબતે વિરોધ કર્યો હતો જેથી તેમણે તેનો વિરોધ કર્યો હતો. આ અંગેનું મનદુઃખ રાખી આરોપીએ લીલીયાથી જાત્રોડા જતા રસ્તામાં ગાળો આપી કુહાડી મારવા જતા તેઓ નમી જતા માથામાં કુહાડી ઘસાતા લોહી નીકળ્યું હતું. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. લીલીયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એલ.એન. પઠાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટા પોલીસ સ્ટેશનના P.I. આઈ.જે.ગીડાએ શસ્ત્રપૂજા કરી



લીલીયા, તા.૧૩

લીલીયા મોટા પોલીસ સ્ટેશનના નવ નિયુક્ત પી.આઈ. આઈ.જે. ગીડાએ દશેરાના પર્વ નિમિત્તે શસ્ત્રપૂજા કરી હતી. શાસ્ત્રોક્ત વિધિ દ્વારા શસ્ત્રોની પૂજા કરવામાં આવી હતી. જેને આયુધ પૂજા તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક હિન્દુ ધાર્મિક વિધિ છે જ્યાં જ્ઞાન અને શક્તિના પ્રતીકો તરીકે શસ્ત્રો અને સાધનોની પૂજા કરવામાં આવે છે. લીલીયા મોટા પોલીસ સ્ટેશન ખાતે P.I આઈ.જે. ગીડા સહિત પોલીસ કર્મીઓ દ્વારા વિધિવત રીતે શસ્ત્રપૂજન કરવામાં આવ્યું હતું.

# પુત્રના પ્રેમસંબંધના મનદુ:ખમાં પિતા પર હુમલાથી ચકચાર

**મોટા દેવળીયા ગામે બની ઘટના**

બાબરા, તા.૧૩

બાબરાના મોટા દેવળીયા ગામે રહેતા એક યુવકને જામબરવાળા ગામની યુવતી સાથે પ્રેમસંબંધ હતો. જેને લઈ તેના પિતા પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે મોટા દેવળીયા ગામે રહેતા સવજીભાઈ જગાભાઈ દાફડા (ઉ.વ.૪૮)એ જામબરવાળાના મનોજભાઈ ગોવિંદભાઈ પરમાર તથા બે અન્ય ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના પુત્રને તથા મનોજભાઈની પત્નીને ઘણા સમયથી પ્રેમ સંબંધ હતો.

અઠવાડિયા પહેલા ગોવિંદભાઈના પત્ની, તેમનો દીકરો હૈદરાબાદ મુકામે હોય ત્યાં તેમની સાથે રહેવા જતા રહ્યા હતા. જે બાબતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેઓ મોટા દેવળીયા ગામે આવેલ સ્મશાનમાં મજૂરી કામ કરતાં હતા ત્યાં આવી આડેધડ ઘા મારી, ગંભીર ઈજા પહોંચાડી હતી. બાબરા પોલીસ સ્ટેશનના પ્રોબેશનરી એએસઆઈ આર. વી. સિંધવ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં દંપતીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી

ધારી, તા.૧૩

ધારીમાં એક દંપતીને ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપતાં ફફડી ઉઠ્યું હતું. બનાવ અંગે વૃંદાવન સોસાયટીમાં રહેતા મનિષાબેન સંજયભાઈ જોષી (ઉ.વ.૪૫) એ જયદીપભાઈ વસીયા તથા ચાર અજાણ્યા શખ્સો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમના ઘરે હતા તે દરમિયાન આરોપીએ ગેરકાયદે મંડળી રચી તેમના ઘર પાસે આવી તેમને તથા તેના પતિને ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધારી પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.વી. જુણેજા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: અગિયારસ
તા. ૧૪-૧૦-૨૦૨૪, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૧,
સૂર્યાસ્ત-૦૫:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શતભિષ

## દૈનિક રાશિફળ

તા.૧૪-૧૦-૨૦૨૪ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઇ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધિ થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.


મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, કર્મ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ, મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશીર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

# રાજુલા શહેરમાં શિવાનંદ સરસ્વતી બાપુની ૭૩મી નિર્વાણ તિથિ ઉજવાશે

**ઉજવણી રાજગોર બ્રાહ્મણ અને સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા કરવામાં આવશે**





રાજુલા, તા.૧૩

રાજુલામાં રાજગોર બ્રાહ્મણ અને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા શિવાનંદ સરસ્વતી બાપુની ૭૩મી નિર્વાણ તિથિ ઉજવવામાં આવશે.

આ તિથિ ઉજવવામાં અખિલ ભારતીય સમસ્ત સાધુ સમાજના પ્રમુખ સુરેવ ધામ ચાપરડા મુક્તાનંદ બાપુ અને વાંકુની ધાર વાળા રામબાલકદાસ બાપુના શિષ્ય કરૂણાનિધાન બાપુ, કેસરી નંદન હનુમાનજી મહારાજ મંદિરના સનાતન દાસ બાપુની ઉપસ્થિતિમાં રાજુલા શહેરના સંન્યાસ આશ્રમમાં વર્ષોની પરંપરા મુજબ પૂજ્યપાદ ૧૦૮ સ્વામી શિવાનંદ સરસ્વતીજી રેવાદાસ બાપુની પુણ્યતિથિની ઉજવણી રાજગોર બ્રાહ્મણ અને સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા કરવામાં આવશે.

# માલકનેસ ગામેથી ૫ પત્તાપ્રેમી ૧૧,૪૫૦ની મત્તા સાથે ઝબ્બે

ખાંભા, તા.૧૩

ખાંભાના માલકનેસ ગામેથી પોલીસે પાંચ પત્તાપ્રેમીને ઝડપી લીધા હતા. પોલીસે રોકડા ૧૧,૪૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સિકંદરભાઇ યુનુસભાઇ શેખ, વિપુલભાઇ નાથાભાઇ જાદવ, રાણીંગભાઇ ઉન્નડભાઇ ખુમાણ, ફીરોજખાં ઈસ્માઈલખાં પઠાણ તથા શામજીભાઈ ભીખાભાઈ જાદવ જાહેરમાં ગંજીપત્તાનાં પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા રૂ.૧૧,૪૫૦ સાથે ઝડપાયા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એમ. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.


અરોમા પ્રિમીયમ બોડી સ્પા



ધમાકા ઓફર
AROMA PREMIUM BODY SPA
ધમાકા ઓફર
લેડીઝ માટે Rs.699/-
કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોઈન્ટમેન્ટ માટે M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે, અમરેલી-૩૬૫૬૦૧

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર



Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1499/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

તંત્રી લેખ

# "એક્ટ ઈસ્ટ પોલિસી"

આસિયાન એ ૧૦ દેશોનો સમૂહ છે. આસિયાનની સ્થાપના ૧૯૬૭માં બેંગકોકમાં થઈ હતી. તે દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોનું ક્ષેત્રીય સંગઠન છે. તેનું પૂરું નામ એસોસિયેશન ઓફ સાઉથ-ઈસ્ટ એશિયન નેશન્સ (**ASEAN**) છે. તેના કુલ ૧૦ સભ્ય દેશો છે, જેમાં ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, સિંગાપોર, ફિલિપાઈન્સ, વિયેતનામ, મલેશિયા, મ્યાનમાર, કંબોડિયા, બ્રુનેઈ અને લાઓસ સામેલ છે. ભારતે ૨૦૨૨માં **ASEAN** દેશો સાથે કોમ્પ્રિહેન્સિવ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ (**CSP**) પર હસ્તાક્ષર કર્યા હતા. આ હેઠળ, સંરક્ષણ, આર્થિક અને તકનીકી હિતોને વધારવા માટે સાથે મળીને કામ કરવામાં આવે છે. સાથે જ આ ક્ષેત્રમાં ચીનનો મુકાબલો કરવા માટે ભારત આસિયાન દેશો સાથે સંબંધો મજબૂત કરી રહ્યું છે. આ વર્ષે મોદી સરકારની 'એક્ટ ઈસ્ટ પોલિસી' ૧૦ વર્ષ પૂર્ણ કરી રહી છે. આ સંદર્ભમાં પણ આ પ્રવાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. 'એક્ટ ઈસ્ટ પોલિસી' એ ભારતની ડિપ્લોમેસીનો એક મહત્વપૂર્ણ ભાગ છે, જેનો ઉદ્દેશ દક્ષિણ પૂર્વ એશિયાના દેશો સાથેના સંબંધોને મજબૂત કરવાનો છે. વડાપ્રધાન મોદીએ સંબોધનમાં જણાવ્યું હતું કે "અમે પાડોશી છીએ, ગ્લોબલ સાઉથમાં ભાગીદાર છીએ અને વિશ્વના ઝડપથી વિકસતા પ્રદેશ છીએ. અમે એક શાંતિપ્રિય રાષ્ટ્ર છીએ જે એકબીજાની રાષ્ટ્રીય અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરીએ છીએ. હું માનું છું કે ૨૧મી સદી એ 'એશિયન સદી' છે, ભારત અને આસિયાન દેશો માટે સદી છે. આજે, જ્યારે વિશ્વના ઘણા ભાગોમાં સંઘર્ષ અને તણાવ છે, ત્યારે ભારત અને આસિયાન વચ્ચે મિત્રતા, સમન્વય, સંવાદ અને સહયોગ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ભારત-આસિયાન ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની ૧૦ મુદ્દાની યોજનામાં વર્ષ ૨૦૨૫ને આસિયાન-ભારત પ્રવાસન વર્ષ તરીકે ઉજવવા માટે ભારત સંયુક્ત પ્રવૃત્તિઓ માટે $૫ મિલિયન આપશે, નાલંદા યુનિવર્સિટીમાં શિષ્યવૃત્તિની સંખ્યા બમણી કરવી અને ભારતની કૃષિ યુનિવર્સિટીઓમાં આસિયાન વિદ્યાર્થીઓ માટે નવી શિષ્યવૃત્તિ આપવાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રીએ યુથ સમિટ, સ્ટાર્ટઅપ ફેસ્ટ, 'હેકાથોન', મ્યુઝિક ફેસ્ટ, આસિયાન-ઈન્ડિયા નેટવર્ક ઓફ થિંક ટેન્ક અને દિલ્હી ડાયલોગ સહિત 'એક્ટ ઈસ્ટ' નીતિને એક દાયકો પૂરો થવા પર અનેક લોકો-કેન્દ્રિત પ્રવૃત્તિઓની જાહેરાત કરી હતી. પીએમ મોદીએ આસિયાન-ઈન્ડિયા સાયન્સ એન્ડ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ હેઠળ આસિયાન-ભારત મહિલા વૈજ્ઞાનિક પરિષદના સંગઠનની પણ જાહેરાત કરી હતી. વડાપ્રધાને આસિયાન નેતાઓને 'મા કે લીયે એક પેડ લગાઓ' (મા માટે એક વૃક્ષ વાવો) અભિયાનમાં જોડાવા માટે પણ આહવાન કર્યું હતું. ડિજિટલ અને સાયબર સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે આસિયાન-ભારત સાયબર પોલિસી સંવાદની નિયમિત મિકેનિઝમ શરૂ કરશે, ૨૦૨૫ સુધીમાં આસિયાન-ભારત ગુડ ટ્રેડ એગ્રીમેન્ટની સમીક્ષા, આપત્તિ સ્થિતિસ્થાપકતા વધારવા માટે ભારત $૫ મિલિયન આપશે, આરોગ્ય સ્થિતિસ્થાપકતાના નિર્માણ તરફ એક નવો આરોગ્ય પ્રધાન ટ્રેક લોન્ચ કરાશે. **PM** મોદી લાઓસમાં ૧૦મી વખત ભારત-આસિયાન સમિટમાં ભાગ લેશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ દરમિયાન પીએમ મોદી આસિયાન દેશોના ઘણા નેતાઓ સાથે દ્વિપક્ષીય વાતચીત પણ કરશે. લાઓસના વડાપ્રધાન સોનેક્સ સિફાનડોને પીએમ મોદીને આમંત્રણ આપ્યું હતું. લાઓસ આ વર્ષે ભારત-આસિયાન સમિટ અને પૂર્વ એશિયા સમિટની યજમાની કરી રહ્યું છે. **PM** મોદીએ ૨૦૧૪માં ઈન્ડિયા આસિયાન સમિટ દરમિયાન આ પોલિસીની જાહેરાત કરી હતી. આ પોલિસીને ભૂતપૂર્વ વડાપ્રધાન નરસિમ્હા રાવની લુક ઈસ્ટ પોલિસીનું અપગ્રેડ વર્ઝન માનવામાં આવે છે, જે તેમણે ૧૯૯૨માં શરૂ કરી હતી. આ પહેલા વડાપ્રધાન મોદીએ સપ્ટેમ્બરમાં દક્ષિણ એશિયાના દેશો બ્રુનેઈ અને સિંગાપોરની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ પણ ઓગસ્ટમાં તિમોર-લેસ્તેના પ્રવાસે ગયા હતા. બ્રુનેઈની મુલાકાત દરમિયાન **PM** મોદીએ સુલતાન બોલકિયા સાથે તેમના મહેલમાં મુલાકાત કરી હતી. પૂર્વ એશિયા સમિટ દરમિયાન મ્યાનમારમાં લાંબા સમયથી ચાલી રહેલ ગૃહયુદ્ધ અને દક્ષિણ ચીન સાગર પર પ્રાદેશિક તણાવ પર ચર્ચા થઈ શકે છે. આ બંને મુદ્દાઓ આસિયાન દેશો માટે મુખ્ય પડકારો છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં મ્યાનમારની સેનાએ આંગ સાન સૂ કીની સરકારને ઉથલાવી દીધી હતી. ત્યારથી, મ્યાનમારમાં લગભગ ૬,૦૦૦ લોકો માર્યા ગયા છે અને ૩૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. આ વર્ષે દક્ષિણ ચીન સાગરમાં સરહદ વિવાદ મામલે ચીન અને ફિલિપાઈન્સ વચ્ચે ઘણી અથડામણ થઈ છે.

# સ્પર્ધાત્મક પરીક્ષા માટે ગણિતનું માર્ગદર્શન



અંકગણિત(**Arithmetic**) એટલે અંક સંખ્યા ગણવાની વિદ્યા.

આ અંકસંખ્યા ગણવાની વિદ્યા-એટલે સંખ્યા ગણનની વિવિધ રીતો(પધ્ધતિઓ), પૈકીની એક ખૂબજ અગત્યની રીત-એટલે "**Unitary Method**"(એકમ રીતિ)

આ રીત સમજીએ :

"આપેલી અમુક વસ્તુની કિંમત કે માપ કે તોલ, વગેરે ઉપરથી પહેલા એક વસ્તુની કિંમત કે માપ કે તોલ વગેરે શોધી કાઢવામાં આવે છે અને તે એકમ(એકમ)નાં આધારે માગેલી વસ્તુની કિંમત કે માપ કે તોલ વગેરેની ગણતરી કરવામાં આવે છે."

આને એટલે કે આ રીતને "એકમ રીતિ" કહેવાય છે.

આ રીતને નીચેના દ્રષ્ટાંતો દ્વારા સમજવા પ્રયત્ન કરીએ.

(૧) એક માણસની 10 મહિનાની આવક 45,000 રૂપિયા હોય, તો 16 મહિનાની આવક કેટલી ?

જવાબ :

એક માણસની 10 મહિનાની આવક 45,000 રૂપિયા છે.

તેથી તે માણસની 1 મહિનાની આવક= $\frac{45000}{10}$= 4500 રૂપિયા ગણાય

તેથી તે માણસની 16 મહિનાની આવક= 4500x16 = 72,000 રૂપિયા થઈ(જવાબ)

(૨) 5 માણસો 14 દિવસમાં 70,000 રૂપિયા કમાય છે, તો 7 માણસો 35 દિવસમાં કેટલા રૂપિયા કમાય ?

જવાબ :

5 માણસો 14 દિવસમાં 70,000 રૂપિયા કમાય છે.

તેથી 1 માણસ 14 દિવસમાં $\frac{70,000}{5}$ = 14,000 રૂપિયા કમાય.

તેથી 1 માણસ 1 દિવસમાં $\frac{14000}{14}$ = 1000 રૂપિયા કમાય

તેથી 7 માણસ 35 દિવસમાં 1000x7x35 = 2,45,000 રૂપિયા કમાય(જવાબ)

(૩) જો 24 કોથળીઓમાં (બધી જ કોથળીઓ સરખા માપની છે) 120 કિ.ગ્રા. અનાજ સમાય છે, તો 31 કોથળીઓમાં કેટલું અનાજ સમાય ?

જવાબ :

24 કોથળીઓમાં 120 કિ.ગ્રા. અનાજ સમાય છે.

તેથી 1 કોથળીમાં $\frac{120}{24}$ = 5 કિ.ગ્રા. અનાજ સમાય

તેથી 31 કોથળીમાં 5x31=155 કિ.ગ્રા. અનાજ સમાય. (જવાબ)

નોંધ : "એકમ રીતિ" સારી રીતે સમજી શકાય તે માટે ઉપરના ત્રણેય દ્રષ્ટાંતો એકદમ સાદા અને સરળ લીધા છે. હવે થોડા અઘરા દ્રષ્ટાંતો સમજીએ.

(૪) 7 કડીયા એક મહિનામાં 182 મીટર લંબાઈની દિવાલ ચણી શકે છે. તો 50 કડીયા એવી જ દિવાલ તેટલા જ વખતમાં કેટલા મીટરની લાંબી દિવાલ બાંધી કે ચણી શકે ?

જવાબ :

7 કડીયા એક મહિનામાં 182 મીટર લાંબી દિવાલ ચણી શકે છે.

તેથી 1 કડીયો એક મહિનામાં $\frac{182}{7}$ =26 મીટર લાંબી દિવાલ ચણી શકે.

તેથી 50 કડીયા એક મહિનામાં 26x50= 1300 મીટર લાંબી દિવાલ ચણી શકશે(જવાબ)

(૫) 35 માણસો દરરોજ 8 કલાક પ્રમાણે કામ કરી એક કામ 22 દિવસમાં પુરું કરે છે તો 28 માણસો દરરોજ 11 કલાક પ્રમાણે કામ કરીને એનાથી 7 ગણું મોટું કામ કેટલા દિવસમાં પુરું કરશે ?

જવાબ :

35 માણસો 1 કામ 8 કલાક પ્રમાણે કરતાં 22 દિવસ લે છે.

તેથી 1 માણસ 1 કામ 8 કલાક પ્રમાણે કરે તો 22x35 દિવસ લે.

તેથી 1 માણસ 1 કામ 1 કલાક પ્રમાણે કરે તો 22x35x8 દિવસ લે.

## કારકિર્દી માર્ગદર્શન

- અમરેલી ગણિત વર્તુળ
પ્રિ.એચ.એલ. પટેલ
મો. ૯૪૨૮૭ ૯૭૭૦૩

તેથી 28 માણસ 1 કામ 1 કલાક પ્રમાણે કરે તો $\frac{22x35x8}{28}$ દિવસ લે.

તેથી 28 માણસ 7 ગણું કામ 1 કલાક પ્રમાણે કરે તો $\frac{22x35x8}{28}$ x 7 દિવસ લે.

તેથી 28 માસણ 7 ગણું કામ 11 કલાક પ્રમાણે કરે તો

$\frac{22x35x8}{28x11}$x7 = 140 દિવસ લે છે.(જવાબ)

(૬) એક વાસણમાં થોડાક બોર(ખાવાના) પડેલા છે.

જો વાસણમાં પડેલ બોરના $\frac{2}{3}$ ભાગ બોરની કિંમત 80 રૂપિયા હોય તો તે વાસણમાં પડેલા બોરનાં $\frac{3}{4}$ ભાગના બોરની કિંમત કેટલી હશે ?

જવાબ :

$\frac{2}{3}$ ભાગનાં બોરની કિંમત 80 રૂપિયા છે.

તેથી 1 ભાગથી(આખા વાસણમાં પડેલા બધાં જ બોર)ની કિંમત

= $\frac{80}{2/3}$ = $\frac{80x3}{2}$ = 120

તેથી $\frac{3}{4}$ ભાગનાં બોરની કિંમત=120x$\frac{3}{4}$ = 90 રૂપિયા (જવાબ)

# હારમાં પણ હસતા શીખો અને જીતને જીરવતા શીખો !




હમણાં દશેરાનું પર્વ સૌએ ઉજવ્યું. વિજયનો ઉત્સવ એટલે વિજયાદશમી. જેને આપણે દશેરા તરીકે ઉજવીએ છીએ. દશેરા એટલે જીતનો જશ્ન મનાવવાનું પર્વ. અસત્ય ઉપર સત્યનો વિજય. અંધકાર ઉપર પ્રકાશનો વિજય. દશેરાના દિવસે દરેક જગ્યાએ રાવણનું પૂતળા દહન કરવામાં આવે છે. પણ રાવણ તો માત્ર પ્રતીક છે, રાવણ એ કોઈ વ્યક્તિ નહીં પણ એક વિચાર છે.

આપણામાં રહેલી આસુરી વૃત્તિનો નાશ કરવાનો ઉત્સવ એટલે વિજયાદશમી. બહારથી બળવા કરતા અંતરથી ઉકળીને શુદ્ધ થવાનો તહેવાર છે. આપણામાં પડેલા દુર્ગુણો જેવા કે કામ, ક્રોધ, લોભ, માયા, અભિમાન, ઈર્ષા, આળસ અને વેર જેવા દુર્ગુણોને બાળવાનો સંકલ્પ કરીને તેના ઉપર સદગુણોની સ્થાપના કરવાનો દિવસ એટલે દશેરા. રામ રાવણના યુદ્ધમાં આપણને એ વાત શીખવા મળે છે કે રાવણ હારમાં પણ હસતો રહ્યો હતો અને રામ જીતને જીરવી શક્યા હતા. બસ જીવનમાં આ બે બાબતો જ ખૂબ મહત્વની છે. જીતને પચાવવી અને હારમાં હસતા રહેવું. આપણા જીવનમાં ડગલેને પગલે હાર જીતના પ્રસંગો આવતા હોય છે. સામાન્ય રીતે જીત મળ્યા પછી મનમાં ગુમાન આવી જતું હોય છે. જીતનો જશ્ન માણસના મગજમાં એટલું બધુ અભિમાન ઉત્પન્ન કરાવે છે કે સારા નરસાનો વિવેક ભુલાવી દે છે. કોની સાથે કેવું વર્તન કરવું એનો ખ્યાલ રહેતો નથી. પોતે સર્વોપરી અને સર્વશ્રેષ્ઠ છે એવું સાબિત કરવા માટે ન કરવાના કાર્યો કરવા માંડે છે.

પોતાને મોટો કરનારની સામે બાથ ભીડવાનું સાહસ કરવા લાગે છે. ન્યાય નીતિ અને ધર્મથી દૂર થતો જાય છે અને અહંકારમાં અનીતિ અને અત્યાચાર શરૂ કરે છે. ત્યારે પતનની શરૂઆત થાય છે.



મનન ચિંતન

ભરત બાવીશી

ઈતિહાસ સાક્ષી છે કે માણસ ગમે એટલો શક્તિશાળી હોય પણ જ્યારે મનમાં અભિમાન સવાર થાય ત્યારે વિનાશ નક્કી હોય છે. જેમકે "અહંકાર મે તીન ગયે, ધન, વૈભવ ઓર વંશ, ના માનો તો દેખલો રાવણ કૌરવ ઓર કંસ". માટે નાની મોટી સફળતા કે જીત મળે ત્યારે જરા પણ અભિમાન ના આવે એનો ખ્યાલ રાખવો અને નાની મોટી હાર મળે ત્યારે જરા પણ નાસીપાસ થવું નહિ. હાર કે નિષ્ફળતા મળ્યા પછી પણ આશા અમર છે એમ માની નિરાશા ખંખેરીને સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. કેમકે બાજી હારી ગયા છીએ, જિંદગી નહિ! અને હારી ગયા પછી કહાની ખતમ થતી નથી, એક નવો અધ્યાય શરૂ થતો હોય છે.

# સુપર હેલ્થી ફૂડ મશરૂમનું વાવેતર






જ્ઞાનથી ભવસાગર તરી શકાય છે. પરંતુ જ્ઞાન વિના માત્ર ફાંફા જ મારવા પડે. આ વાત વર્તમાન સમયમાં ખેતરમાં ખુબ સારી રીતે લાગુ પડે છે. આપણે વાત કરતા હોઈએ છીએ કે ઉત્તર ગુજરાતમાં પાણીના ફાંફા છે. ખેતીમાં પાણી વિના કંઈ નથી આવી ગામ- ગપાટે વાતુ કરનારાઓનાં મોઢા ઉપર ઉત્તર ગુજરાતના ખેડૂતોએ ખરા અર્થમાં તાળા મારી દીધા છે. બનાસકાંઠા જિલ્લામાં ખેડૂતો પોતાની જમીન ભાગવી આપે તો ભાગીયુ રાખનાર ખેતમજૂર પણ પૂછે ખેતરમાં ડ્રીપ અને સ્પ્રીંકલર અને ફોગર હોઈ તો ભાગીયુ રાખવુ છે. આ જાગૃતિનાં હિસાબે ખાતર, પાણી અને માનવશ્રમની જરૂરિયાત ઓછી થઈ છે. જયારે દેશમાં કેટલાક રાજકિય રોટલા શેકતા નેતાઓએ કૃષિ કાયદોઓનો વિરોધ કર્યો જે કાયદાઓ બને છે તેમાં સુસંગતતા ના હોય તો તેમાં ફેરફાર થતા રહે છે. દેશમાં ભલે કાયદાઓ રદ થયા પરંતુ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા સહિતનાં જિલ્લાઓમાં કોન્ટ્રાકટ ફાર્મિંગથી બટાટા સહિતના પોકોનું વાવેતર થાય છે. જેમાં ખેડૂતોને સારી સફળતા મળી છે. નવુ જાણવું, નવુ જોવું, નવી ટેકનોલોજી અપનાવવી સહિતની બાબતોમાં ખેડૂતોએ સ્વયં જાગૃત થવુ પડશે. આધુનિક પધ્ધતિઓ અને માહિતી માટે કૃષિ યુનિવર્સીટીઓ, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને ડિજિટલ પ્લેટફોર્મનો ઉપયોગ કરવો પડશે. તો સારી અને ટકાઉ-ઝડપી સફળતા મળશે.



ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

અમરેલીના એક નવયુવાને નાના પાયે મશરૂમનું વાવેતર કર્યુ છે. માહિતીના વિવિધ સ્ત્રોતનો ઉપયોગ કરી પૂરી જાણકારી મેળવીને અમરેલી શહેરના ચિતલ રોડ- પંચવટી ફાર્મ - કોરાટવાડીના દિપકભાઈ રમેશભાઈ કોરાટ નવયુવાન વ્યવસાયલક્ષી ખેડૂત છે. આમ તો અમરેલી બાજુમાં એટલે શાકભાજીનું વાવેતર કરે અને આર્થિક ઉપાર્જન મેળવે.

કંઈક નવુ કરવાની તાલાવેલી સાથે મશરૂમનું વાવેતર કરવુ પરતું બીજી મિનિટે વિચાર આવ્યો કે, અમરેલીમાં મશરૂમ ખાશે કોણ ? અવેરનેસના અભાવના કારણે વેચાણ થશે કે કેમ આ પરિસ્થિતિઓ વચ્ચે નાનકડો પ્રયોગ મશરૂમ વાવેતર માટે ૨૦૨૩માં કર્યો. ૧૦x૧૩ ની સાઈઝનાં રૂમમાં ૪૦,૦૦૦ રૂપિયાનાં ખર્ચે લોખંડનું સ્ટ્રકચર ઉભુ કર્યુ . જયારે ડ્રીપ અને ફોગર દ્વારા પાણી આપવાની વ્યવસ્થા બેગોમાં કરી. મશરૂમનાં વાવેતર માટે કૂવળ-પરાળ ભરવાનો રૂ.૫૦ ખર્ચ, આમ આ રૂમમાં ૧૮૦ બેગ મૂકવવામાં આવી છે.

વર્ષમાં ૫ વખત મશરૂમનું વાવેતર કરવામાં આવે છે. વાવેતર બાદ ૨ મહિનામાં તૈયાર થાય છે. ૨૦-૨૨ દિવસે લીલુ મશરૂમ વેચાણ લાયક બને છે. એક બેગમાં લીલુ મશરૂમ ૨ થી ૩ કિલો અને મશરૂમ પાવડર ડ્રાઈ ૩૦૦ ગ્રામ મળે છે. અને ૧૦૦ ગ્રામ પાવડર ૩૦૦ના ભાવથી વેચાણ કરે છે.

મશરૂમ એ હેલ્થી વેજીટેબલ ફૂડ છે. બી. ટ્વેલ્વની ખામી ઝડપથી નિવારી શકાય છે. ઉપરાંત અનેક ન્યુટ્રીશન પણ મળે છે. નાના પાયે આવા સાહસો જરૂરી છે. દિપકભાઈનો સંપર્ક નં. ૯૯૨૫૬૬૦૦૯૭ છે.

## -:: તિખારો ::-

**સંબંધ હોય કે કપડા એક વખત ફાટે પછી ગમે તેટલા થિંગડા મારો, તુટયાં વિના રહેતા નથી.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો

ડો. જી. આર. ગોહિલ
જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ
ફોન ૯૨૭૫૭૦૮૩૪૨

## શેરડી :

» વહેલી રોપણી માટે કો ૮૩૩૮, કો એન – ૯૫૧૩૨ કો એન – ૦૩૧૩૧, ૦૫૦૭૧ તથા કો – ૯૪૦૦૮ તેમ કોસી – ૬૭૧ અથવા ૮૬૦૩૨ વાવી શકાય.

» મધ્યમ મોડી વાવણી માટે કો એન – ૯૧૧૩૨, કો એલ કે – ૮૦૦૧ કો એન – ૮૫૧૩૪, ૦૫૦૭૨ તથા કો – ૯૯૦૦૪ નું વાવેતર કરવું.

» મોડી પાકતી જાતોઃ કો. ૬૨૧૭૫, કો.૬૩૦૪

» ત્રણ આંખના ટુકડા ૩૫૦૦૦ હેકટરે વાવવા. અનેશેરડીના કટકાને ૧૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ એમીસાન અથવા બાવીસ્ટીન (કાર્બેંડાઝોમ) અને ૨૦ મીલી મેલાથીયોનનું દ્રાવણ બનાવી કટકાને પાંચ મીનીટ બોળી વાવેતર કરવું. તેમાં ખાતર : ૨૫૦ – ૧૨૫ – ૧૨૫ / હે આપવું.

» સૌરાષ્ટ્રની આબોહવાકીય વિસ્તારમાં શેરડીની જાત કો એન ૦૫૦૭૧ (ગુજરાત શેરડી-૫) તેમજ દક્ષિણ ગુજરાત માટે શેરડી - કો - એન - ૧૩૦૭૨નું વાવેતર કરવું.

» ગરમ પાણીથી માવજત : ૫૦૦ સે. તાપમાન ધરાવતાં પાણીમાં બે કલાક સુધી શેરડીના કટકાને રાખવામાં આવે તો રાતડા અને ચાબુક આંજીયા રોગોના નિયંત્રણ માટે અસરકારક સાબિત થાય છે.

## ડાંગર :

» પાનનો ઝાળ રોગના નિયંત્રણ માટે ૧ ગ્રામ સ્ટેપટોમાયસીન ૨૦ ગ્રામ કોપર એકઝીકલોરાઈડ ૧૦ લીટર પમ્પમાં નાખી છંટકાવ કરવો.

### આ રોગ ફુગથી થાય છે.

» રોગની શરુઆતમાં પાન ઉપર આછા ભૂરા રંગના ટપકા પડે છે. જે ધીમે ધીમે બદામી રંગના થઈ જાય છે. આ ટપકા વર્તુળાકાર હોય છે. આવા ટપકા મોટા થઈ એકબીજા સાથે ભળી જઈ પાનને સુકવી નાંખે છે.

» નિયંત્રણ માટે રોગની શરૂઆત થતા તુરત જ ૧૦ લીટર પાણીમાં મેન્કોઝેબ ૨૫ ગ્રામ અથવા તાંબાયુક્ત દવા કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ પમ્પમાં નાખી છંટકાવ કરવો. રોગ વધે તો ૧૫ દિવસે બીજો છંટકાવ કરવો.

» દિવેલા ૧૦૦ દિવસના થાય ત્યારે ૮૪ કિલો યુરીયા પૂર્તિ ખાતર આપવું.

ભલામણ મુજબ ૬ થી ૮ પિયત ૫૦ મી.મી. ઉંડાઈના આપવા જે પૈકી વરસાદ બંધ થયેથી ૧ માસ બાદ ૪ પિયત ૧૫ દિવસના અંતરે, બાકીના ૨૦ દિવસના અંતરે આપવા.

### દિવેલાનો ઝાળ રોગ



## તુવેર : મોલોમસી

**ઓળખ :** બચ્ચાં તેમજ પુખ્ત મોલો પીળાથી કાળાશ પડતાં રંગના અને પોચા શરીરવાળા હોય છે. તેના શરીરનાં પાછળના ભાગે નળી જેવા બે ભાગ આવેલા હોય છે. પુખ્ત મોલો પાંખવાળી અથવા પાંખ વગરની હોય છે.

**નુકસાન :** સામાન્ય રીતે આ જીવાતનો ઉપદ્રવ ચોળા તેમજ વાલનાં પાકમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ જીવાત છોડની કૂમળી ડાળી, પાન અને શીંગોમાંથી રસ ચૂસે છે, પરિણામે પાન પીળા પડી જાય છે. છોડની વૃદ્ધિ અટકે છે. મોલો પોતાનાં શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ બહાર કાઢે છે. જે પાંદડાની સપાટી પર ચોંટે છે અને પાન ચમકતા દેખાય છે. જેને ખેડૂતો મધિયો આવ્યો તેમ કહે છે. આ પદાર્થ પર કાળી ફૂગ વૃદ્ધિ પામે છે, જેના લીધે આખા છોડ કાળા રંગનાં દેખાય છે. પાન કાળા થઈ જતાં પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં અવરોધ ઉભો થાય છે. જેથી ઉત્પાદકતા પર માઠી અસર થાય છે. આ જીવાત વિષાણુંજન્ય રોગો જેવા કે ચોળામાં પીળીયો અને ચણામાં સ્ટન્ટ રોગોનો ફેલાવો કરે છે.

## બાગાયત :

» લીંબુમાં બદામી ટપકાના નિયંત્રણ માટે કોપર એકઝીકલોરાઈડ ૪૦ ગ્રામ અને ૧.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયક્લીનના બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરવા.

» નાળિયેરીનાં વાવેતર માટે વાનફેર, લોટણ, ડી x ટી અને ટી × ડી જાતનું વાવેતર કરવું.

» નાળિયેરીનાં પાકમાં આંતર પાક તરીકે કેળ, સૂરણ, તાનીયા, હળદર જેવા પાકો વાવી શકાય.



» આંબો ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.

» ચીકુમાં બીજ કોરી ખાનારી જીવાતના નિયંત્રણ માટે ચોમાસા પછી ઓકટોબર અને નવેમ્બર મહિનામાં પોલીટ્રીનસી-૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ૧૨.૫ મિ.લિ. અથવા લેમડા -સાયહેલોથ્રીન-૧૦ મિ.લિ. દવાનું ૧૦ લિટર પાણીમાં મિશ્રણનો છંટકાછવ ૨૦ થી ૨૫ દિવસના અંતરે કરવાથી નિયંત્રણ થાય

» સુકારાના નિયંત્રણ માટે રોગગ્રસ્ત ઝાડ ફરતેથી માટી દૂર કરી ૨૦ દિવસના અંતરે ત્રણ વાર ૨૦ લીટર પાણીમાં ૨૦ ગ્રામ કાર્બેન્ડીઝીમ દવા અને ૨૦૦ ગ્રામ યુરિયા ભેળવી રેડવું

### પશુઓમાં આઉનો સોજો(મસ્ટાઈટીસ)અટકાવવાના ઉપાયો

» દૂધ દોહનમાં નિયમિતતા

» આઉ અને આંચળને દૂધ દોહન પહેલા ટીટ ડીપ દ્રાવણથી સાફ કરવું.

» દૂધ દોહન બાદ પશુ ૧૫-૨૦ મિનિટ સુધી નીચે બેસતું અટકાવવું.

» પશુના રહેઠાણમાં સિમેન્ટ કોંક્રીટના પાકા ભોયતળીયા ન બનાવવા.



## કપાસ :

» ભલામણ મુજબ ૬ થી ૮ પિયત ૫૦ મી.મી. ઉંડાઈના આપવા જે પૈકી વરસાદ બંધ થયેથી ૧ માસ બાદ ૪ પિયત ૧૫ દિવસના અંતરે, બાકીના ૨૦ દિવસના અંતરે આપવા. ખેતરમાં પરજીવી પરભક્ષીઓની જાળવણી કરવી.

હવે ચોમાસાએ લગભગ વિદાય લઈ લીધી છે એટલે શિયાળુ પાક માટે આયોજન કરી રાખો.

## ઘઉં :

» પિયત ઘઉં માટે વહેલી વાવણી માટે જીડબલ્યુ– ૧૯૦

» સમયસરની વાવણી માટે જીડબલ્યુ– ૧૯૦ અનેલોક -, જીડબલ્યુ – ૪૯૬, ૧૯૦, ૫૦૩, ૨૭૩, ૩૨૨, ૩૬૬, ૧૧૩૯, ૪૫૧,૪૬૩, રાજ – ૧૫૫૫

» બિનપિયત માટે અરણેજ – ૨૦૬, જીડબલ્યુ – ૧, ૨

» મોડા વાવેતર માટે જીડબલ્યુ –૧૭૩, લોક-૧નું વાવેતર કરવું.

## શાકભાજીઃ

» ડુંગળીમાં કુક્ડુ રોગ ન આવે તે માટે પ્રોપીનાઝોલ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પંપમાં વારાફરતી કોઈ એક દવા નાખી ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.

» ડુંગળી નાસીકનું ધરુ ને ફેર રોપણી અથવા સીધુ બીજ નાંખીને પણ વાવી શકાય.

» ભીંડાના હવામાન ગરમ હોય તો પાનકથીરીના ઉપદ્રવ વધે તો ઈથીઓન ૩૦ મિલી પંપમાં નાખી છંટકાવ કરવો.

» વેલા વાળા શાકભાજીમાં તળછારાના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૪૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૧૨.૫ ગ્રામ ૧૦ લીટર પાણીમાં પંપમાં નાખી છંટકાવ કરવો.

» મરચી પાકમાં મિક્સ માઈક્રોન્યુટ્રીયન્ટ ગ્રેડ – ૪ ૧૦૦ ગ્રામ પંપમાં નાખી ૧૦ દિવસના ગાળે બે છંટકાવ કરવા.

## લસણ :

» લસણના પાકને ઠંડી અને સુકી આબોહવા વધુ માફક આવે છે. લસણની કળીઓના વિકાસ માટે ઠંડી અને લાંબી રાત્રિવાળુ વાતાવરણ વધુ માફક આવે છે.

» લસણનું વાવેતર ૧૦ થી ૨૦ ઓકટોબર દરમ્યાન કરવાથી વધુ ઉત્પાદન મળે છે.

» લસણનું વાવેતર ઓરીને કરવું જોઈએ જે માટે હેકટરે ૭૦૦ કિ.ગ્રા./હે કળીઓની જરૂર પડે છે.

» લસણની નિકાસ માટે યમુના સફેદ-૩ (જી-૨૮૨), એગ્રીફાઉન્ડ પાર્વતી, જીજી-૨,૪ અને જીજી-૫ જાતોનું વાવેતર કરવું જોઈએ. જયારે પાવડર માટે જીજી-૩, એગ્રીફાઉન્ડ સફેદ (જી-૪૧) કે યમુના સફેદ-૨ (જી-૫૦) જાતનું વાવેતર કરવું.

» દર વર્ષ એકની એક જમીનમાં લસણનું વાવેતર ન કરતા પાકની ફેરબદલી કરવી. શકય હોય તો લસણનું વાવેતર નવી જમીનમાં કરવું અને દર વર્ષે લસણના બિયારણની અદલાબદલી કરવી જોઈએ.

» નિંદણ નિયંત્રણ માટે વાવેતર બાદ પ્રથમ પિયત પછી બીજા દિવસે પેન્ડામીથેલીન ૪૦ મી.લી. દવા અથવા તો વાવેતર પહેલા બાસાલીન ૪૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો



# કુંડાના છોડ માટે લેવાતા પગલાં

જે. વી. ભાદરકા, મયુરી નંદાણીયા, એન.બી. શિંગાળા, ડી. આર. કણઝારિયા, એચ.એન. પટેલ અને અને બી.વી.હુમર બાગાયત મહાવિદ્યાલય, જુનાગઢ કૃષિ યુનિવર્સીટી, જુનાગઢ

ઘર તેમજ ઓફિસની અંદર સુશોભન તરીકે વાપરતા કુંડાના છોડની માવજત કરવી એ ખુબજ જરૂરી હોય છે. છોડના વાવેતરથી લઈને તેના ઉછેર અને ઉછેર બાદ રોજબરોજ માવજત કરવામાં આવે છે જેથી છોડ તંદુરસ્ત રહે. કુંડામાં વાવેતર વખતે અલગ અલગ પ્રકારના મીડિયમનો ઉપયોગ કરવામાં આવતો હોય છે જેથી કરીને છોડને પૂરતા પોષકતત્ત્વો મળી રહે અને અનુકૂળ વાતાવરણ પૂરું પાળે. તે માટે અહી ક્યાં ક્યાં મીડિયમ વપરાય તેની માહિતી આપી છે.

**ગ્રોઇંગ મીડિયમ :** કુડામાંના જે મિશ્રણમાં છોડ ઉગાડવામાં આવે છે તેને ગ્રોઇંગ મીડિયમ અથવા પોટિંગ મીડિયમ કહે છે. પોટિંગ સામગ્રીના પ્રકારની પસંદગી મહત્વપૂર્ણ છે કારણ કે છોડની વૃદ્ધિ સંપૂર્ણપણે તેના પર આધાર રાખે છે. ગ્રોઇંગ મીડિયમનું મુખ્ય કાર્ય છોડના મૂળમાં પોષક તત્વો, હવા અને પાણી પહોંચાડવાનું છે. તે છોડને બહારથી ટેકો આપે છે અને તેને સીધી સ્થિતિમાં રાખે છે અને ગુરુત્વાકર્ષણ બળની વિરુદ્ધ દિશામાં વૃદ્ધિ કરવામાં મદદરૂપ બને છે. ઉપરોક્ત બે કાર્યો માટે, તે જરૂરી છે કે માધ્યમ તેની અંદરના મૂળના વિકાસને સરળ બનાવે. તેથી, તે ઇચ્છનીય છે કે એક આદર્શ ગ્રોઇંગ મીડિયમ છિદ્રાળુ હોય અને હવાના પરિભ્રમણ માટે જગ્યા હોય. તેમાં પાણી ગ્રહણ કરવાની સારી ક્ષમતા હોવી આવશ્યક છે જેથી વારંવાર સિંચાઈ કરવાની જરૂર ન પડે. તેને છોડના વિકાસને ટેકો અને સમર્થન આપવું જોઈએ.



### ગ્રોઇંગ મીડિયમના પ્રકાર

**છોડની વૃદ્ધિ માટે વિવિધ પ્રકારના ગ્રોઇંગ મીડિયમનો ઉપયોગ થાય છે.**

**૧. ગાર્ડન માટી :** હળવી અને રેતાળ જમીન એ આદર્શ ગ્રોઇંગ મીડિયમ છે, જ્યારે ગઠ્ઠાવાળી, ચીકણી, કાદવ અથવા માટીવાળી જમીન પસંદ કરવામાં આવતી નથી કારણ કે તેમાં ચીકાશ હોવાથી હવાનું પરિભ્રમણ મુશ્કેલ થઇ જાય છે. માટીમાં જૈવિક અને અજૈવિક બંને પદાર્થો હોય છે. માટી એક સર્વસામાન્ય, સાર્વત્રિક, સરળતાથી ઉપલબ્ધ અને તુલનાત્મક સસ્તી માધ્યમ છે, જે નર્સરીમાં વપરાય છે.

**૨. કંપોસ્ટ :** તે માટી સાથે ઉપયોગમાં લેવાતો સજીવ પદાર્થ છે. ખરેલા પાંદડા, ડાળીઓ, ઘાસનું કટીંગ, ઢોરોના ખોરાકનો કચરો અને ખેતરમાં પશુ પ્રાણીઓનો મળ વિસર્જન એ કેટલાક સામાન્ય ઘટકો છે જેનો ઉપયોગ કંપોસ્ટની તૈયારી માટે થાય છે. આ બધાને ખેતરમાં તૈયાર કરેલા ખાડામાં સડવા દેવામાં આવે છે. ખાતરમાં મુખ્ય અને નાના પોષક તત્વો હોય છે જે છોડને વિકાસ માટે જરૂરી હોય છે.

**૩. સ્ફેગ્નમ શેવાળ :** તેમાં પાણી પકડવાની ક્ષમતા ઉત્તમ છે અને તેના કારણે ઘણી વખત વજનમાં ભારે થઇ જાય છે. તે સામાન્ય રીતે એર લેયરિંગમાં મૂળ વધારવાના માધ્યમ તરીકે વપરાય છે. તે તુલનાત્મક રૂપે ખર્ચાળ છે અને સરળતાથી ઉપલબ્ધ નથી.

**૪. પીટ :** પીટમાં માર્શ સ્વેમ્પના અવશેષો હોય છે. તેમાં થોડો જૈવિક નાઇટ્રોજનનો સમાવેશ થાય છે. તે ઝડપી વાનસ્પતિક વિકાસમાં મદદ કરે છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે નવા મૂળવાળા કટિંગ અથવા નવા અંકુરિત બીજ ઉગાડવા માટે થાય છે.

**૫. કોયર પીટ :** કોયર પીટ ફાઇબર ડસ્ટમાંથી મેળવવામાં આવે છે. તે પ્રકૃતિમાં એસિડિક છે અને તેનું પીએચ લગભગ ૫.૦ છે. તેમાં પાણીની રીટેન્શન ક્ષમતા વધારે છે.

### વાવેતર વખતે અને વાવેતર બાદ કાળજી રાખવામાં આવે છે

**(૧) કુંડાને ભરવુંઃ** એક કુંડાની પસંદગી છોડના કદ અને છોડની વૃદ્ધિની પદ્ધતિ અનુસાર કરવામાં આવે છે. વધુ પડતા પાણીના નિકાસ માટે ડ્રેનેજ હોલ કુંડાના તળિયે બનાવવામાં આવે છે. તેને માટીના ઠીકરા વડે ઢાંકી દેવામાં આવે છે જેથી પોટિંગ મિશ્રણ કાણામાંથી પાણી સાથે વહી ન જાય. ૩-૫ સે.મી. કદના મોટા ઠીકરા પાણી સરળતાથી નીકળી જાય એ માટે પોટના તળિયે મૂકવામાં આવે છે. તેના પર બરછટ રેતીના એક જાડા ૩-૫ સ્તર આવે છે. છેલ્લે, બાકીનું કુંડુ પોટીંગ મિશ્રણથી ભરવામાં આવે છે. કુંડાને પકડવા માટે તેમજ પાણી માટે ઉપરથી ૨.૫ સે.મી. જગ્યા ખાલી હોવી આવશ્યક છે.

**(૨) વાવેતરઃ** તંદુરસ્ત મૂળવાળી કલમ અથવા છોડને કાળજીપૂર્વક ક્યારીમાંથી ખોદીને કાઢવું, તે પછી, પોટીંગ મિશ્રણની મધ્યમાં રુટ બોલ(માટી સાથેના મૂળ) સાથે મૂકવું. પોટીંગ મિશ્રણ વડે કુંડામાની ખાલી જગ્યા ભરવી. સ્ટેમની આસપાસ મિશ્રણને સરખું દબાવો અને તેને કોમ્પેક્ટ બનાવો. પાનખર મિજાજ ધરાવતા છોડનું પોટિંગ ફેબ્રુઆરી-માર્ચમાં કરવામાં આવે છે. જ્યારે સદાબહાર છોડનું પોટીંગ જુલાઈ-ઓગસ્ટમાં કરવામાં આવે છે. સાવચેતીનાં પગલાં: મૂળની સાથેની માટી (રુટ બોલ) વધારે પડતી ના દબાઈ જાય તેની કાળજી રાખવી જોઈએ, કારણ કે તે છોડના મૂળ તોડી અને નુકસાન કરશે. વાવેતર પછી તરત જ છોડને સ્પ્રીંકલર કેનથી નરમાશથી પાણી આપો આ માટે તમે ધીરેથી છંટકાવ કરી શકો છો.

**(૩) ડિપોટિંગઃ** જમીન પર, ક્યારામાં કે બીજા કુંડામાં છોડને વાવવાના હેતુસર એક કુંડામાંથી કાઢવાની ક્રિયાને ડિપોટિંગ કહે છે. મૂળ સંવેદનશીલ હોય છે. અને તેને ઇજાઓ થવાની સંભાવના વધુ હોવાથી ડિપોટિંગ કરતી વખતે સંભાળની જરૂરિયાત છે. ડિપોટિંગ કરતી વખતે ફ્રુટ સિસ્ટમ પર જોડાયેલ માટીને છોડની સાથે ડિપોટ કરવી તે વધુ સારું છે. જો જરૂરી હોય તો આ માટી ડિપોટ કર્યા પછી કાળજીપૂર્વક દૂર કરી શકાય.

**ડિપોટિંગ કાર્યવાહીઃ** ડિપોટિંગ કરતા પહેલાં પોટને પાણી આપવું આવશ્યક છે. આ પોટને એક હાથમાં ઉઠાવી લેવામાં આવે છે, બીજા હાથની બીજી અને ત્રીજી આંગળીની વચ્ચે છોડનો દાંડો આવે તે રીતે અને બાજુમાં અંગુઠો આવે તે રીતે કુંડાની ટોચ પર હાથ ફેલાવીને પકડવું. આ પછી કુંડાને ઊંધ કરો. જો જરૂરી હોય તો, કુંડાના કાંઠાને હાથથી અથવા કોઈ નક્કર આધાર અથવા બેન્ચની ધાર પર થપથપાવવાથી માટી કુંડાના આકારમાં જ છુટ્ટી પડી જાય છે. તેને ફરી બીજા કુંડામાં રોપતા પહેલા નીચેની બાજુની માટી અને એકદમ જુના અને ઝીણા મૂળતંતુઓ કાપીને દૂર કરવામાં આવે છે.

### રિપોટિંગ નીચેના ઉદ્દેશો સાથે કરવામાં આવે છે

(૧) હાલના નાના જૂના કુંડાને અથવા જુના પોટીંગ મિશ્રણને નવા સાથે બદલવુ.

(૨) ઘરના છોડની તંદુરસ્ત વૃદ્ધિ માટે, છોડને વર્ષમાં એકવાર રીપોટિંગ કરવામાં આવે છે.

(૩) રિપોટિંગ મૂળને સારી રીતે કાપણીની સુવિધા આપે છે જેનાથી છોડના વિકાસ અને વૃદ્ધિ ઘણા થાય છે.

(૪) મૂળ વિકાસ માટે કુંડાનું મોટું કદ મોટી જગ્યા પ્રદાન કરે છે.

# કૃષિ ક્ષેત્રે પાક સંરક્ષણમાં બાયોટેકનોલોજીની ઉપયોગિતા

ડો. રિશી કે કાલરીયા, ડો. હિરેન વી પટેલ અસ્પી શકીલમ બાયોટેનોલોજી ઇન્સ્ટિટ્યૂટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરત. ડો વિપુલકુમાર સી. ગઢીયા એગ્રીકલ્ચર કોલેજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી મોટા ભંડારીયા અમરેલી

જુદા જુદા પરિબળો પાકના ઉત્પાદનને અસર કરતાં હોય છે. જેમાં જીવાતો એક અગત્યનું પરિબળ છે. જેના નિયંત્રણ માટે ખેડૂતમિત્રો જુદી જુદી જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ કરે છે. જેના પરિણામે જીવાતોમાં જંતુનાશક દવાઓ સામે પ્રતિકારક શક્તિ વિકસાવવી, જીવાતોનો પુનઃપ્રકોપ થવો, જીવાતોના પરજીવી/પરભક્ષીઓનો અને પરગનયનને ઉપયોગી કિટકોનો નાશ થવો, ખાદ્ય પદાર્થો પર જંતુનાશક દવાઓના ઝેરી અવશેષો રહી જવાની સાથે સાથે વાતાવરમાં પ્રદૂષણ જેવા જટિલ પ્રશ્નો ઊભા થયા છે. જેના નિરાકરણ માટે કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા સંકલિત કીટ નિયંત્રણ અથવા સંકલિત જીવાત નિયંત્રણ વિકસાવવામાં આવેલ છે. આ પધ્ધતિમાં જીનેટીક એન્જીનીયરીંગ થકી આનુવંશિક રીતે સંશોધિત પાક (જીએમ પાક)નો ઉપયોગ કરી જીવાતોનું નિયંત્રણ કરવામાં આવે છે.

### જીનેટીક એન્જીનીયરીંગ (જનીનીક ઈજનેરી)

આ એક એવી પ્રક્રિયા છે જેમાં પ્રયોગશાળામાં જુદી જુદી પધ્ધતિઓનો ઉપયોગ કરીને જીવતંત્રના કોષ (DNA)ના બંધારણને બદલવામાં આવે છે. પ્રવર્તમાન તમામ ખેતી પાકોની રૂઢીગત પરંપરાગત પાક સુધારણાની રીતોમાં ઘણી બધી મુશ્કેલીઓ છે. જેને કારણે હઠીલી રોગ જીવાત સામે નવી પ્રતિકારક જાતો વિકસાવવાનું, પાકની ગુણવત્તા સુધારવાનું અને ચોકકસ હેતુવાળા પાક–સુધારણા કાર્યક્રમો અટકી પડયા છે. પરિણામે છેલ્લા વર્ષોમાં પાકોની ઉત્પાદકતા એક સ્થિર કક્ષાએ આવી ગઈ છે. આ પધ્ધતિથી જરૂરીયાત મુજબનું કોઈપણ લક્ષણ એક છોડમાંથી બીજા છોડ અથવા પ્રાણીમાંથી વનસ્પતિમાં ફેરબદલી કરવાની ઉજ્જવળ તકો રહેલી છે.

### કૃષિ ક્ષેત્રે બી.ટી. બિયારણો

**બીટી એટલે શું ?:** બીટી એ એક પ્રકારના બેકટેરિયા, બેસિલસ થુરીનજીયન્સીસ (Baccillus thuringiensis) છે. જે તેના સ્પોરૂલેશન દરમ્યાન એક પ્રકારનું પ્રોટીન પેદા કરે છે. આ પ્રોટીન પાકને નુકસાન કરતી મોટા ભાગની જીવાત માટે ખૂબ જ ઝેરી પુરવાર થયેલ છે. આ બેકટેરિયા સૌ પ્રથમ બર્લિનરે ૧૯૧૫ માં જર્મનીના થુરીન્જીયા પ્રદેશમાંથી શોધ્યા હતા. આ બેકટેરિયામાં આ પ્રકારનું ઝેરી પ્રોટીન પેદા કરતા જનીન શોધી કાઢી તેને છુટું પાડી જુદા જુદા પાકો જેવા કે કપાસ, તમાકુ, મકાઈ વિગેરેમાં દાખલ કરવામાં આવ્યું. જેથી આ પ્રકારનું પ્રોટીન પાકના છોડમાં જ ઉત્પન્ન થાય છે અને તેની ઉપર જીવાતનો ઉપદ્રવ નહીંવત જોવા મળે છે. બીટી એક પ્રકારનું ઝેરી તત્વ (Endotoxin) પેદા કરે છે. તેને (Cry) પ્રોટીન પણ કહે છે. આ પ્રકારનું પ્રોટીન જયારે ઈયળ ખાય છે ત્યારે તેના મોં વાટે તેના પેટમાં પ્રવેશે છે. જઠરની અલ્કતાને કારણે તે સક્રિય થાય છે અને જઠરના અંદરની દિવાલમાં નકકી જગ્યાએ તે જોડાય છે ત્યારબાદ જઠરના કોષોમાં (Ion channel) અથવા છિદ્ર (Pore) કરે છે. જેથી તે કોષની દિવાલની સામાન્ય કામગીરીને અસર થાય છે. આ નુકસાનને કારણે જઠરને લકવા જેવી પરિસ્થિતિ પેદા થાય છે. તેની અસર પામેલ ઈયળ ખાવાનું બંધ કરી દે છે અને હલનચલન કરી શકાતી નથી. ભુખ તથા પેશીના નુકસાનને કારણે મરણ પામે છે. તેનું ઉત્સ્વેદન (Excr^a a) પાણી જેવી થઈ જાય છે. માથાનો ભાગ શરીર કરતા મોટો થઈ જાય છે અને શરીર ઘેરૂ કાળુ થઈ જાય છે.

**પાક સંરક્ષણમાં બીટીની ભૂમિકાઃ** બીટી જીવંત જંતુનાશક (Bio pesticide) તરીકે હાલ બીટી સૌથી વધુ વપરાતું જીવંત જંતુનાશક છે. એકલા અમેરિકામાં ૨૦૦ થી પણ વધુ બીટીના ઉત્પાદનો નોંધાયેલા છે. ભારતમાં પણ કેટલીક કંપનીઓએ ડેલ્ફિન, ડાયપેલ, બાયોબિટ, બાયોલેપ જેવી બજારૂ નામ સાથે ખેડૂતોના ઉપયોગ માટે બજારોમાં મુકેલ છે. અત્યારની વાતાવરણની પ્રદૂષણની સ્થિતિમાં બીટીના ઉત્પાદનનો છંટકાવ ફાયદાકારક માલુમ પડેલ છે. બીટીના ઝેરી પ્રોટીનને અલગ તારવી તેને લગતા રસાયણો બનાવવાથી અમુક ચોકકસ પ્રકારની જીવાત સામે રક્ષણ મેળવી શકાય છે. તદઉપરાંત અન્ય બેકટેરિયામાં પણ બીટીમાંનું ઝેરી પ્રોટીન પેદા કરતું જનીન દાખલ કરી તેની તીવ્રતામાં વધારો કરી શકાય છે.

# અજિત પવાર જૂથના એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યા કરાઈ

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૩

મુંબઈમાં એનસીપી નેતા બાબા સિદ્દીકીની હત્યાથી ખળભળાટ મચ્યો છે. શનિવાર મોડીરાત્રે બાંદ્રા ઈસ્ટમાં ૩ શૂટરોએ ફાયરિંગ કરીને તેમની હત્યા કરી દીધી છે. બાબા સિદ્દીકીનું પુરુ નામ જિયાઉદ્દીન સિદ્દીકી છે. અજિત પવાર જૂથના નેતા બાબા સિદ્દીકી રાત્રે પોતાના દીકરા જીશાન સિદ્દીકીની ઓફિસ પર પહોંચ્યા હતા. તે જ સમયે કારમાં આવેલા ૩ શૂટરોએ તેમના પર ધડાધડ ફાયરિંગ શરૂ કરી દીધુ હતું. તેમાં બાબા સિદ્દીકીની છાતીમાં ૨ ગોળી અને એક ગોળી પગમાં વાગી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાબા સિદ્દીકીને તાત્કાલિક લીલાવતી હોસ્પિટલમાં દાખલ કરાયા હતા.



જ્યાં ટૂંકી સારવાર બાદ ડોક્ટરોએ બાબા સિદ્દીકીને મૃત ઘોષિત કર્યા હતા. ડૉક્ટરોએ જણાવ્યું કે હુમલાખોરોએ ખૂબ જ નજીકથી સિદ્દીકી પર હુમલો કર્યો હતો. જેથી તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જ્યારે તેમને હોસ્પિટલ લવાયા ત્યારે હૃદયના ધબકારા પણ બંધ હતા. ડૉક્ટરોએ એનસીપી નેતા બાબા સિદ્દીકીને બચાવવા પ્રયાસ કર્યા પરંતુ તેમને બચાવી શક્યા ન હતા. એનસીપી નેતા બાબા સિદ્દીકી પર હુમલો અને તેમની મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા મુખ્યમંત્રી એકનાથ શિંદે, ગૃહ રાજ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ હોસ્પિટલ પહોંચ્યા હતા.

# આરએસએસનાં વડા મોહન ભાગવત અને પ્રવિણ તોગડીયા વચ્ચે મુલાકાત

**હિન્દુ પર થઈ રહેલા અત્યાચારો અને હિન્દુ સુરક્ષાના વિષયો પર મુલાકાત**

અમરેલી, તા.૧૩





આરએસએસનાં સર સંચાલક મોહન ભાગવત અને આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદનાં અધ્યક્ષ ડો.પ્રવિણ તોગડીયા વચ્ચે નાગપુર ખાતે હિન્દુ પર થઈ રહેલા અત્યાચારો અને હિન્દુ સુરક્ષાના વિષયો પર મુલાકાત યોજાઈ હતી. આ મુલાકાત દરમિયાન દુનિયાભરમાં હિન્દુઓની સ્થિતિ, ભારતમાં વધી રહેલી મુસ્લિમોની જનસંખ્યા, બાંગ્લાદેશનાં ઘુસણખોરોની સમસ્યા, બધા હિન્દુઓએ એક થવું જોઈએ તો જ બચી શકીશું અને બધી જ હિન્દુ શકિતને એકસાથે આવવા આહવાન પણ કરાયું હતું. તમામ હિન્દુ સંગઠનોને સાથે લઈને કામ કરવાની પણ ચર્ચાઓ થઈ હતી. ડો. પ્રવિણ તોગડીયા અને મોહન ભાગવતની બેઠકથી આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ પરિષદ અને વિશ્વ હિન્દુ પરિષદનું વિલીનીકરણ લગભગ નક્કી હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

# બિહારમાં જેડીયુ પણ મોટા ભાઈની ભૂમિકા ભજવશે નહીં

(એ.આર.એલ),ચંડીગઢ,તા.૧૩

હરિયાણાની અણધારી જીત બાદ ભાજપનો વિશ્વાસ એક અલગ જ લેવલ પર પહોંચ્યો છે અને તેમાં પણ યોગીની સભાઓ બાદ જાણે લોકોએ ફરી હિંદુત્વને સ્વીકાર્યું હોય તેમ બીજેપીને ક્યાંક લાગે છે. જેને પગલે ભારતીય જનતા પાર્ટીના વધતા વલણથી એવું લાગી રહ્યું છે કે ભાજપ આગામી વિધાનસભા ચૂંટણી હિન્દુત્વના મુદ્દા પર લડવા જઈ



રહી છે અને મુખ્યમંત્રી નીતીશ કુમાર જે રીતે બેકફૂટ પર છે તેના પરથી વધુ એક વાત સ્પષ્ટ થઈ રહી છે કે જેડીયુ પણ મોટા ભાઈની ભૂમિકા ભજવશે નહીં. છેવટે, ભાજપના ફાયર બ્રાન્ડ નેતા ગિરિરાજ સિંહની ગર્જના અને શસ્ત્રો વહેંચવાની તેમની સંમતિથી સ્પષ્ટ થઈ ગયું કે ભાજપના વ્યૂહરચનાકારો હવે બિહારને હિન્દુત્વનો પ્રયોગ બનાવવા જઈ રહ્યા છે. ગઈકાલ સુધી, કેન્દ્રીય પ્રધાન અને ભાજપના ફાયર બ્રાન્ડ નેતા ગિરિરાજ સિંહ શબ્દોના યુદ્ધ દ્વારા હિંદુઓની લાચારીની વાતો કરતી વખતે માત્ર પ્રશ્નો જ ઉઠાવતા હતા.

# યુપીમાં પ્રેમલગ્ન બાદ ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ બાદ સામૂહિક બહિષ્કાર

(એ.આર.એલ),બિજનૌર,તા.૧૩

ઉત્તર પ્રદેશના બિજનૌર જિલ્લાના એક ગામમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ગામના એક યુવક અને યુવતીએ કોઈને કહ્યા વગર પ્રેમલગ્ન કરી લીધા. આ અંગે ગ્રામજનોને જાણ થતાં પંચાયતની બેઠક મળી હતી. ગામના વડાએ તુગલકી ફરમાન બહાર પાડ્યું, જેમાં દંપતીને ગામમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂક્યો. બંનેના પરિવારજનોએ સામૂહિક રીતે બહિષ્કાર કર્યો હતો. એટલું જ નહીં, ગ્રામજનોએ ૧૦ રૂપિયાના સ્ટેમ્પ પર સહી કરી તે યુવકના વોટ્સએપ પર મોકલવામાં આવી હતી. પીડિત યુવકે આ મામલે બિજનૌર એસપીને ફરિયાદ કરી હતી. ફરિયાદના આધારે પોલીસે ગામના વડા અને ગ્રામજનો સામે કાર્યવાહી હાથ ધરી છે. કેસની તપાસ ચાલી રહી છે. ગામના દંપતીના પ્રેમલગ્નથી ગુસ્સે થઈને, ગામના વડા અને ગ્રામજનોએ સામૂહિક રીતે દંપતી અને તેમના પરિવારના સભ્યોનો બહિષ્કાર કર્યો હતો.

# વિશ્વમાં આઠમાંથી એક બાળકી જાતીય હિંસાનો ભોગ : યુનિસેફ

(એ.આર.એલ),ન્યુયોર્ક,તા.૧૩

વિશ્વભરમાં દર આઠમાંથી એક છોકરી જાતીય હિંસાનો ભોગ બને છે. આ છોકરીઓ પર સૌથી વધુ અત્યાચાર આફ્રિકામાં થઈ રહ્યા છે. વાસ્તવમાં યુનિસેફના તાજેતરના રિપોર્ટમાં આ ચોંકાવનારો આંકડો સામે આવ્યો છે. સંયુક્ત રાષ્ટ્ર ચિલ્ડ્રન એજન્સીએ જાતીય હિંસા પર તેનો વાર્ષિક અહેવાલ પ્રકાશિત કર્યો છે. એવું કહેવામાં આવ્યું છે કે,



આફ્રિકામાં સબ-સહારન દેશોમાં અંદાજે ૭૯ મિલિયન એટલે કે ૭૯ મિલિયન છોકરીઓ યૌન હિંસાનો શિકાર બની છે. જો આપણે વસ્તી પર નજર કરીએ તો ત્યાં દર પાંચમાંથી એક છોકરીએ બહુમતીની ઉંમર પહેલા જ જાતીય સતામણી અથવા બળાત્કારનો સામનો કરવો પડ્યો છે.

# કોડીનારના "ગોહિલની ખાણ" ગામની દક્ષિણામૂર્તિ સોસાયટીમાં નવરાત્રીની ઉત્સાહભેર ઉજવણી



તસ્વીર : અનીલ કાનાબાર

કોડીનાર,તા.૧૩

કોડીનાર તાલુકાના "ગોહિલની ખાણ" ગામની દક્ષિણામૂર્તિ સોસાયટી ખાતે દક્ષિણેશ્વર મહાદેવ મંદિરના મેદાનમાં ગરબી મંડળ દ્વારા આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ડિજેના તાલે રોજ રાત્રે નવથી બાર વાગ્યા સુધી ભાઈઓ અને બહેનોના અલગ અલગ ગ્રુપ દ્વારા રાસ-ગરબાની રમઝટ કરી હતી. આ ઉપરાંત દશેરાના દિવસે માતાજીના હોમાત્મક યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સોસાયટીના લોકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉના તાલુકાના સૌથી મોટા ગામ કોબમાં માધ્યમિક શાળાનો અભાવ : હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં

ઉના,તા.૧૩

ઉના તાલુકાના સૌથી મોટા ગામ કોબમાં માધ્યમિક શાળાના અભાવે હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. ૧૫,૦૦૦થી વધુ વસ્તી ધરાવતા આ ગામમાં માધ્યમિક શિક્ષણની સુવિધા ન હોવાથી અનેક સમસ્યાઓ સર્જાઈ છે. કોબ ગામ દરિયાકિનારે આવેલું છે અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવની નજીક છે. અહીં કોળી, દલિત અને મુસ્લિમ સમાજ સહિતના વિવિધ




સમુદાયના લોકો વસવાટ કરે છે. મોટાભાગના લોકો માછીમારી અને મજૂરી જેવા વ્યવસાયો સાથે સંકળાયેલા છે. ગામમાં પ્રાથમિક શાળામાં ૬૯૭ બાળકો અભ્યાસ કરે છે, પરંતુ માધ્યમિક શાળાના અભાવે ધોરણ ૮ પછી મોટાભાગના વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દે છે. કેટલાક વાલીઓ પોતાના બાળકોને ડોળાસા, દીવ, ઉના જેવા નજીકના ગામોમાં અભ્યાસ માટે મોકલે છે, પરંતુ આર્થિક મુશ્કેલીઓને કારણે ઘણા બાળકો, ખાસ કરીને છોકરીઓ, ઉચ્ચ શિક્ષણથી વંચિત રહે છે.

આ સમસ્યાના નિરાકરણ માટે સામાજિક એકતા જાગૃતિ મિશન અને કેવલસિંહ રાઠોડ દ્વારા સરકારને વિગતવાર રજૂઆત કરવામાં આવી છે. તેમની માંગ છે કે કોબ ગામમાં પૂર્ણ સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા ફાળવવામાં આવે અને આવતા શૈક્ષણિક સત્રથી જ આ શાળા કાર્યરત થાય.

# કોલકાતામાં જુનિયર ડોક્ટરોના આમરણાંત ઉપવાસના નવમાં દિવસે ત્રણ ડોક્ટર હોસ્પિટલમાં દાખલ

(એ.આર.એલ),કોલકતા,તા.૧૩

કોલકાતાની આરજી કાર હોસ્પિટલમાં બનેલી ઘટના અંગે જુનિયર ડોકટરોના આમરણાંત ઉપવાસ રવિવારે નવમા દિવસે પણ ચાલુ રહ્યા હતા. રાજ્યના વિવિધ ભાગોમાં લોકો ભૂખ હડતાળ કરનારાઓ સાથે એકતા દર્શાવવા માટે "પ્રતિકાત્મક ઉપવાસ" કરી રહ્યા છે. આરજી કાર હોસ્પિટલમાં નાઈટ ડ્યુટી દરમિયાન મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. ત્યારથી ડોક્ટરો સતત વિરોધ કરી રહ્યા છે. તે પીડિતા માટે ન્યાય અને ડોકટરોની સુરક્ષા વધારવાની માંગ કરી રહ્યો છે. અત્યાર સુધી રાજ્યના ઉત્તર ભાગમાં કોલકાતા અને સિલીગુડી શહેરમાં આમરણાંત ઉપવાસ કરી રહેલા જુનિયર ડોકટરોમાંથી ત્રણની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આંદોલનકારી 'જુનિયર ડોક્ટર્સ ફોરમ'ના એક નેતાએ કહ્યું, "તેમની (અજાણ્યા) હાલત ખરાબ થઈ રહી છે, પરંતુ રાજ્ય વહીવટીતંત્ર ઉદાસીન છે." દરમિયાન આરજી કાર હોસ્પિટલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું એક જૂથ આમરણાંત ઉપવાસ પર બેઠેલા વિદ્યાર્થીઓ સાથે એકતા દર્શાવવા માટે ૧૨ કલાકના પ્રતિક ઉપવાસ માટે હોસ્પિટલ પહોંચ્યું છે. જોકે, તેઓએ કોર્ટના આદેશ બાદ હોસ્પિટલમાં સુરક્ષા ફરજ પર તૈનાત સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરિટી ફોર્સના કર્મચારીઓના પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કહ્યું કે ગમે તે થાય, તેઓ તેમના સૂચિત પ્રતીકાત્મક ઉપવાસ ચાલુ રાખશે. આમાં મોટા ભાગના વરિષ્ઠ નાગરિકો છે. માલદા અને મુર્શિદાબાદ જિલ્લામાં ઘણા લોકો દિવસ દરમિયાન "પ્રતિકાત્મક ઉપવાસ" પાળી રહ્યા છે. આંદોલનકારી ડોકટરોએ લોકોને તેમના હેતુ પ્રત્યે એકતા અને સમર્થન દર્શાવવા માટે રવિવારે ખોરાક ન રાંધવા વિનંતી કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી જ્યારે દુર્ગા પૂજાનો તહેવાર ચાલી રહ્યો હતો ત્યારે મોટી સંખ્યામાં સામાન્ય લોકો ઉપવાસ સ્થળ પર આવ્યા હતા.




# રાજુલા શહેરની જે.એ. સંઘવી હાઈસ્કૂલના સુપરવાઈઝરનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો

રાજુલા, તા.૧૩

રાજુલાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શ્રી જે.એ. સંઘવી હાઈસ્કૂલના સુપરવાઈઝર અશોકભાઈ મહેતાના સન્માનમાં એક ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થઈ રહેલા મહેતાની ૩૪ વર્ષની દીર્ઘકાલીન સેવાની કદરદાની રૂપે આ કાર્યક્રમ ગત તારીખ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ને શુક્રવારે આહીર સમાજની વાડી ખાતે યોજાયો હતો. આ પ્રસંગે મહેતા તરફથી શાળાના ૫૦૦થી વધુ



તસવીર : ગોપાલ રાઠોડ

વિદ્યાર્થીઓ માટે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં શાળાના શિક્ષકગણ, રાજુલા શહેરના નામાંકિત ડૉક્ટરો, વેપારીઓ, તાલુકાના આચાર્ય તેમજ મહિલા કૉલેજના પ્રિન્સિપાલ રીટાબહેન રાવળ અને પ્રોફેસર બહેનોએ હાજરી આપી હતી.

# દેના બેંક સોસાયટી અમરેલીમાં નવરાત્રીની ભવ્ય ઉજવણી કરાઈ

અમરેલી,તા.૧૩

અમરેલીની દેના બેંક સોસાયટીમાં નવરાત્રીની ઉજવણી આસ્થા અને ઉત્સાહભેર થઈ હતી. નવ દિવસ ચાલનારા આ કાર્યક્રમમાં ભારતીબેન મહેતાનું માર્ગદર્શન મહત્વપૂર્ણ હતું. આ ઉપરાંત રાજુભાઈ પરિખ, વર્ષાબેન પરિખ, ગીતાબેન ત્રિવેદી, સુધાબેન ગઠીયા, જ્યોત્સનાબેન જાની, અસ્મિતાબેન ધાંધલીયા સહિત અનેક બહેનોએ સક્રિય રીતે ભાગ લીધો. સોસાયટીના અન્ય સભ્યો જેવા



કે ઈલાબેન, સોનલબેન ત્રિવેદી, ચંદ્રિકાબેન વાઢેર, ડિમ્પલબેન તેરૈયા, શોભનાબેન જોષી, મિતાબેન ભટ્ટ, હંસાબેન સેંજલીયા, મનુબેન બસીયા, નીતાબેન બસન, સ્નેહલબેન, નીશાબેન બસન, હીનાબેન સાગર, ચેતનાબેન ખેતાણી, વિરાજબેન વ્યાસ, નયનાબેન વરીયા, પલ્લવીબેન દવે, અનસૂયાબેન સંઘવી, જયશ્રીબેન મહેતા અને અરુણાબેન પંડ્યાએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# ચલાલા ગાયત્રી સંસ્કાર ધામ ખાતે નવરાત્રી મહોત્સવ ૨૦૨૪નું આયોજન

ચલાલા,તા.૧૩

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ખાતે નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, હરિબા મહિલા કોલેજ, સંસ્કૃત શક્તિ ગુરુકુળ અને રક્ષા શક્તિ સ્કૂલના વિદ્યાર્થીઓએ સંયુક્તપણે ભાગ લીધો હતો. વિદ્યાર્થિનીઓએ



સુંદર ગરબા, આરતીની થાળી અને દાંડિયા શણગારીને ભાગ લીધો હતો. આ દરમિયાન વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. તમામ વિદ્યાર્થીઓએ પરંપરાગત પોશાક પહેરીને રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. બેસ્ટ રાસ, બેસ્ટ ડ્રેસ, બેસ્ટ દાંડિયા, બેસ્ટ ગરબા અને બેસ્ટ આરતીની થાળી જેવી કેટેગરીઓમાં ઈનામો આપવામાં આવ્યા હતા.

સંસ્થાના વડા ડૉ. રતિદાદાએ તમામ વિદ્યાર્થીઓને નવરાત્રી મહોત્સવની શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ડાયરેક્ટર ભારતભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન મહેતા તથા સમગ્ર સ્ટાફે મહેનત કરી હતી.

# અમરેલી ગિરાસદાર ક્ષત્રિય સમાજ દ્વારા વિજયાદશમીની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૧૩

અમરેલી જિલ્લા ગિરાસદાર ક્ષત્રિય સમાજ દ્વારા વિજયાદશમીના પાવન પર્વ નિમિત્તે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે લાઠીના ઠાકોર સાહેબ કીર્તિકુમારસિંહજી અને રાણી સાહેબ ઉષાકુવરીબાની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમની શરૂઆત મહામંડલેશ્વર ૧૦૦૮ રમજુબાપુ અંબિકા આશ્રમ દ્વારા શાસ્ત્રોક્ત પૂજા અને આશીર્વચન




તસ્વીર : વિજય માળી

સાથે થઈ હતી. નિત્યશુદ્ધાનંદ સ્વામીએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી. સમાજના પ્રમુખ દિલીપસિંહ દેવુભાઈ સરવૈયાના નેતૃત્વમાં આયોજિત આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં વન સંરક્ષક રાજદીપસિંહ ઝાલા, ડી.વાય. એસ.પી. અશોકસિંહ ગોહિલ, આંકડા અધિકારી ઝાલા અને પોસ્ટ સુપરિન્ટેન્ડેન્ટ સંદીપસિંહ ચુડાસમા સહિત અન્ય અધિકારીઓ સામેલ હતા. કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ વિશિષ્ટ ક્ષેત્રમાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન હતું. આ ઉપરાંત પરંપરાગત શસ્ત્રપૂજન પણ યોજવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બલભદ્રસિંહ આર. ચુડાસમા દ્વારા કરવામાં આવ્યું હતું, પૂર્વ પ્રિન્સિપાલ અને મંત્રી અજિતસિંહ ગોહિલે મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# આ વર્ષે વિશ્વ ઈ-વેસ્ટ વ્યવસ્થાપન દિનની ઉજવણી વિવિધ થીમ આધારિત કરાશે

ગાંધીનગર, તા.૧૩



આજના ટેકનોલોજીના સમયમાં ઈ-વેસ્ટ એક મોટી સમસ્યા બની છે. ઈ-વેસ્ટ એટલે, ઈલેક્ટ્રોનિક કચરો. આજે ટેલિવિઝન, કમ્પ્યુટર, મોબાઈલ, જીપીએસ, મોડેમ જેવા ૧૦૬ પ્રકારનાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોના વપરાશમાં સતત વધારો થવાના કારણે ઇ-વેસ્ટનું પ્રમાણ વધતું જાય છે. ઈ-વેસ્ટના યોગ્ય નિકાલ માટે રાજ્ય સરકાર અનેકવિધ પ્રકલ્પો હાથ ધરી રહી છે. રાજ્યમાં છેલ્લા ૦૩ વર્ષમાં એક લાખથી વધુ મેટ્રિક ટનનો ઈલેક્ટ્રિક કચરો એકત્ર કરી તેનો વિવિધ સ્વરૂપે યોગ્ય નિકાલ કરવામાં આવી રહ્યો છે. વર્ષ ૨૦૧૮થી વૈશ્વિક સંસ્થા ''વેસ્ટ ફ્રોમ ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ ફોરમ'' (WEEE) દ્વારા દર વર્ષે તા. ૧૪મી ઓક્ટોબરે 'વર્લ્ડ ઈ-વેસ્ટ મેનેજમેન્ટ ડે' તરીકે ઉજવવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે **'Retrieve, Recycle and Revive'** ની થીમ ઉપર આ દિવસ ઉજવાશે. આ ઉપરાંત, ઈ-વેસ્ટ પ્રત્યે રાજ્યભરના નાગરિકોમાં વધુ જાગૃતિ કેળવાય તેવા ઉમદા આશયથી જન જાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમ જીપીસીબી દ્વારા સતત હાથ ધરવામાં આવી રહી છે. રીસાયકલ કર્યા પછી તેમાંથી મળતા આર્યન, કોપર, પ્લાસ્ટિક અને અન્ય કિંમતી ધાતુઓને ફરીથી નવી ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ બનાવવા, વાહનોમાં તેમજ અન્ય ઔદ્યોગિક સાધનોના ઉત્પાદનમાં ઉપયોગ કરવામાં આવે છે. ભારતમાં ઈ-વેસ્ટના વ્યવસ્થાપન માટે ઈ-વેસ્ટ રૂલ્સ અમલમાં છે. આ કાયદા હેઠળ, માત્ર અધિકૃત ડિસમેંટલર્સ અને રજિસ્ટર્ડ ઈ-વેસ્ટ રિસાયકલર્સ ઈ-વેસ્ટ એકત્ર કરી શકે છે. ઈ-વેસ્ટ (વ્યવસ્થાપન) નિયમો ૨૦૨૨ મુજબ ઉત્પાદક, નિર્માતા, રિફર્બિશર અને રિસાયકલરે સીપીસીબીના પોર્ટલ **https://eprewastecpcb.in/** ઉપર નોંધણી કરવી ફરજિયાત છે.

## અમરેલી સહિત રાજ્યમાં આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

# અમરેલી જિલ્લામાં વરસાદી વાતાવરણથી ધરતીપૂત્રો ચિંતામાં

### અમરેલીમાં એક કલાકમાં બે ઈંચ જેવો વરસાદ વરસતા રોડ પર નદીઓ વહી

અમરેલી, તા.૧૩



અમરેલી જિલ્લામાં છેલ્લા બે દિવસથી વરસાદ પડી રહ્યો હોય જેનાં કારણે ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. ચોમાસાની સિઝનમાં સારા વરસાદનાં કારણે હાલમાં મગફળી અને કપાસનો પાક તૈયારી પર છે તેમાં પણ મગફળીનાં પાથરાઓ ખેડૂતોએ ખેતરમાં રાખેલ છે ત્યારે જિલ્લામાં પડી રહેલા વરસાદથી મગફળીનાં પાકને નુકસાન થવાની શકયતા છે. સાથે કપાસમાં પણ વરસાદનાં કારણે ફૂગ થવાથી ફાલ ખરી રહ્યો છે. રવિવારે અમરેલી તાલુકામાં બપોર બાદ કડાકા ભડાકા અને વીજળીનાં ચમકારા સાથે એક કલાકમાં જ બે ઈંચ જેવો વરસાદ પડી જતાં શહેરનાં રસ્તાઓ નદીઓ માફક વહ્યાં હતા. જેના કારણે રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા. ખાંભા તાલુકામાં પણ બપોર બાદ અડધા ઈંચ જેવો વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલા તાલુકાનાં ગ્રામ્ય વિસ્તાર અને જાફરાબાદમાં પણ વરસાદી ઝાંપટા પડયા હતા. હવામાન ખાતા દ્વારા હજૂ આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોય ખેતીનાં પાકને નુકસાન થવાની સંભાવના છે. જેના કારણે ધરતીપુત્રો ચિંતામાં મુકાયા છે.

### અમરેલીમાં વીજળી પડવાની ઘટનાઓથી અંધારપટ્ટ છવાયો

અમરેલી શહેર અને તાલુકામાં બપોરબાદ વીજળીનાં કડાકા ભડાકા સાથે ભારે વરસાદ પડયો હતો. અમરેલી શહેરમાં જેસીંગપરા ફીડર, દ્રષ્ટી ફીડર, ચિત્તલ રોડ પર આવેલ ઓમનગર ફીડર પર વીજળી પડવાની ઘટના બની હતી. જયારે અમરેલી તાલુકાનાં જુદા જુદા ૫ ફીડર પર વીજળી પડી હતી. અમરેલીનાં કેરીયારોડ પર આવેલ ૬૬ કે.વી. સબ સ્ટેશનની એર બોટલ પર વીજળી પડતા શહેરનાં મોટાભાગનાં વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો હતો અને પીજીવીસીએલની ટીમે તાત્કાલિક રીપેરીંગની કામગીરી શરૂ કરી હતી. જોકે તેમ છતાં પણ શહેરનાં ઘણા ભાગોમાં સાંજે અંધારપટ્ટ છવાયો હતો.

# દવા લઈને ઘરે જતી વખતે રોડ ક્રોસ કરી રહેલ માતા-પુત્રીના કારની ટક્કરથી મોત

અમદાવાદ,તા.૧૩



શહેર અને ગ્રામ્યમાં વધતા જતા અકસ્માતો વચ્ચે વધુ એક અકસ્માતની ઘટના બનવા પામી છે. હાથીજણ અર્બન હેલ્થ સેન્ટરમાંથી દવા લઇને નીકળેલી મહિલા અને તેની ચાર વર્ષની પુત્રીને ઈયોન ગાડીના ચાલકે ટક્કર મારી હતી. જેના કારણે મહિલાને માથામાં અને શરીરના ભાગે ઈજા થતાં સ્થળ પર જ મોત થયું હતું. બાળકીનું સારવાર દરમિયાન મોત થયું હતું. મહિલાના પતિએ કારચાલક સામે વિવેકાનંદનગર પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ૬૦ વર્ષીય વૃદ્ધની ધરપકડ કરી છે. વિનોબાભાવે નગરમાં રહેતા સુરેશભાઈ પટેલની ચાર વર્ષની પુત્રી દેવાંશી બીમાર હતી. જેથી દેવાંશીને લઈને માતા રેખાદેવી હાથીજણ અર્બન હેલ્થ સેન્ટર ખાતે ગયા હતા. ત્યાંથી દવા લઈને તેઓ પરત આવી રહ્યા હતા ત્યારે ઈયોન ગાડીના ચાલકે ખૂબ જ સ્પીડમાં આવીને બંનેને ટક્કર મારી હતી. રેખાદેવી ફંગોળાઈને રોડ પર પટકાતા માથા અને શરીરના અન્ય ભાગે ઈજાઓ પહોંચી હતી. ખૂબ જ લોહી નીકળી જતા સ્થળ પર જ મોત થયું હતું. ચાર વર્ષની દેવાંશીને એલજી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી.

## પોલીસે પ્રેમી અને પ્રેમિકાને ઝડપી પાડી ઘટના પરથી પડદો ઉંચકયો

# કચ્છમાં પ્રેમમાં પાગલ બનેલા યુગલે નિર્દોષ વૃદ્ધની હત્યા કરી લાશ સળગાવી


ભુજ,તા.૧૩



જુલાઈ મહિનામાં ભુજ તાલુકાના ખાવડા નજીક ખારી ગામે પરિણીત પ્રેમી યુગલે કાયમ માટે એકમેકનાં થઈ જવાની ઈચ્છા સાથે અજાણ્યા વૃદ્ધની હત્યા કરી હતી. વૃદ્ધની લાશને સળગાવીને પ્રેમિકાના આપઘાતનું નાટક રચીને ફરાર થઈ ગયેલી પ્રેમિકા અને પ્રેમીને ખાવડા પોલીસે ઝડપી લીધાં છે અને સમગ્ર ઘટના પરથી પડદો ઉઠાવી ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો છે. ખાવડા પોલીસ સ્ટેશન ખાતે જુલાઈ માસમાં જાણવા જોગ નોંધાઈ હતી જેની તપાસ દરમ્યાન જણાયું હતું કે ૦૫/૦૭/૨૦૨૪ ના રોજ ખારી ગામે જે લાકડામાં સળગેલ કંકાલ પડેલ હતા તે માણસનું કંકાલ હોવાનું સામે આવ્યું હતું. આ કેસમાં ઉંડાણ પૂર્વકની તપાસ કરવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા સૂચના આપવામાં આવી હતી. ખાવડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ દ્વારા જાણવા જોગની તપાસ દરમ્યાન બનાવવાળી સ્થાનિક જગ્યાએ એફ.એસ.એલ. અધિકારીની હાજરીમાં સ્થાનિક જગ્યાનું પંચનામું કરી જરૂરી નમૂના કબ્જે કરી ડી.એન.એ. માટે ડી.એફ.એસ. ગાંધીનગર તથા અન્ય સેમ્પલ એફ.એસ.એલ. રાજકોટ ખાતે મોકલ્યા હતા. તેમજ જાણવા જોગના કામે નિવેદનો પણ લેવામાં આવ્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ૫ જુલાઈના રોજ જે લાકડામાં સળગેલ કંકાલ મળ્યું હતું તે માણસનું જ કંકાલ હોવાનું જાણવા મળ્યું હતું અને કંકાલ બાબતે તપાસ ચાલુ હતી.

# ગુજરાતમાં ઠંડીને લઈને આઈએમડીનું મોટું એલર્ટ

અમદાવાદ,તા.૧૩



હવે શિયાળુ પોશાક સ્વેટર અને ઝાકીટ કાઢી રાખવાની જરુર છે. હજુ તો ગુજરાત સહિત ઘણા રાજ્યોમાં વરસાદી માહોલ છે ત્યાં વચ્ચે ઠંડીને લઈને હવામાન વિભાગની આગાહી આવી છે. આઈએમડીનું કહેવું છે કે ગુજરાત સહિત ઘણા રાજ્યોમાં ૨૦ ઓક્ટોબર પછી ઠંડીનું પ્રમાણ વધશે અને વરસાદ લગભગ જતો રહેશે. હવામાન શાસ્ત્રીઓના મતે ૨૦ ઓક્ટોબર પછી લા નીના સક્રિય થઈ જશે. જે બાદ હવામાનમાં પલટો આવવાનો છે. લા નીના આ વખતે સમય પહેલા સક્રિય થઈ જશે. જેના કારણે શિયાળો લાંબો સમય ટકી શકે છે. લા નીના એ કુદરતી આબોહવાની ઘટના છે. આ સમયગાળા દરમિયાન, તે ઉત્તરમાં સામાન્ય કરતાં વધુ ઠંડુ અને દક્ષિણમાં સામાન્ય કરતાં વધુ ગરમ છે. હવામાન વિભાગના લેટેસ્ટ અપડેટ મુજબ તમિલનાડુ, કેરળ, કર્ણાટક, ગુજરાત, મધ્ય મહારાષ્ટ્ર, પશ્ચિમ મધ્ય પ્રદેશ, વિદર્ભ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય અને આંદામાન નિકોબારમાં વરસાદ પડી શકે છે.